સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 30

[JULY - 2023]
[23/07/23 to 29/07/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**23 JULY-2023**

- દિવસ મહિમા : 23 જુલાઈ, રાષ્ટ્રીય પ્રસારણ દિવસ (National Broadcasting Day) ..... 02
- શ્રીમતી સુનીતા અગ્રવાલે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા ..... 02
- મહેસાણાના જોટાણામાં બે સેટેલાઈટ નેટવર્ક પોર્ટલ સાઈટની સ્થાપના થશે ..... 05
- QUESTION ANSWERS ..... 07

**24 JULY-2023**

- દિવસ મહિમા : 24 જુલાઈ, આવકવેરા દિવસ (Income Tax Day) ..... 08
- ભારતમાં બનેલ વિશ્વની સૌથી મોટી ઓફિસ : Surat Diamond Bourse ..... 08
- ટામેટાના ભાવની અસ્થિરતા (Tomatoes Price Volatility) ..... 09
- QUESTION ANSWERS ..... 13

**25 JULY-2023**

- પશુધન ક્ષેત્ર માટે ક્રેડિટ ગેરંટી યોજના (Credit Guarantee Scheme for Livestock Sector) ..... 14
- PM-KUSUM યોજના ..... 15
- શ્રી એલન મસ્કે ટ્વિટરનો લોગો બદલ્યો : બ્લૂ બર્ડની જગ્યાએ હવે Xનો સિમ્બોલ ..... 17
- QUESTION ANSWERS ..... 18

**26 JULY-2023**

- દિવસ મહિમા : 26 જુલાઈ, કારગિલ વિજય દિવસ ..... 19
- રાષ્ટ્રીય સર્વેક્ષણની કાર્યપ્રણાલીની સમિક્ષા ..... 19
- ઈથેનોલ અને E20 ઈંધણ (E20 Fuels) ..... 21
- બટાગાયકા ક્રેટર (Batagaika Crater) ..... 22
- QUESTION ANSWERS ..... 24

**27 JULY-2023**

- જૈવવિવિધતા (સુધારા) બિલ, 2021 ..... 25
- ભારત-વિયેતનામ સંબંધો (India and Vietnam Relations) ..... 27
- પૂર્વોત્તર-ક્ષેત્ર માટે પ્રધાનમંત્રી વિકાસ પહેલ (PM-Devine) યોજના ..... 29
- QUESTION ANSWERS ..... 30

**28 JULY-2023**

- દિવસ મહિમા : 28 જુલાઈ, વિશ્વ હેપેટાઈટિસ દિવસ (World Hapatitis Day) ..... 31
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટમાં નવા ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું ..... 31
- ભારત મંડપમ (Bharat Mandapam) ..... 33
- QUESTION ANSWERS ..... 34

**29 JULY-2023**

- દિવસ મહિમા : 29 જુલાઈ, આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ (International Tiger Day) ..... 35
- ગુજરાતમાં 'Semicon India 2023'નું આયોજન ..... 38
- QUESTION ANSWERS ..... 39

**ONE LINER** ..... 40

**QUESTION OF THIS WEEK** ..... 44


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




# Click Here www.iceonline.in

## દિવસ મહિમા : 23 જુલાઈ, રાષ્ટ્રીય પ્રસારણ દિવસ (National Broadcasting Day)

દર વર્ષે 23 જુલાઈને સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય પ્રસારણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- વર્ષ 1927માં આ દિવસે ભારતીય પ્રસારણ કંપની (IBC)એ બોમ્બે સ્ટેશનથી રેડિયો પ્રસારણ શરૂ કર્યુ હતું.
- રેડિયો ક્લબ ઓફ બોમ્બેની પહેલ હેઠળ બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં રેડિયો પ્રસારણ સેવાઓની શરૂઆત વર્ષ 1923માં કરવામાં આવી હતી.
- વર્ષ 1930માં બ્રિટિશ સરકારે રેડિયો પ્રસારણ સંભાળ્યું અને ભારતીય રાજ્ય પ્રસારણ સેવા (ISBS) શરૂ કરી.
- IBC જે એક ખાનગી સંસ્થા હતી, જેને બ્રિટિશ સરકાર દ્વારા દેશમાં બે રેડિયો સ્ટેશન ચલાવવાની પરવાનગી આપવામાં આવી હતી.
- મે, 1932માં IBCનું કાયમી નામ બદલીને ઈન્ડિયન સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસ (ISBS) રાખવામાં આવ્યું હતું.
- પાછળથી 8 જૂન, 1936ના રોજ ઈન્ડિયન સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસ (ISBS)ને ઓલ ઈન્ડિયા રેડિયો (AIR)માં રૂપાંતરિત કરવામાં આવ્યું અને વર્ષ 1957માં તેનું નામ ઓલ ઈન્ડિયા રેડિયો રાખવામાં આવ્યું હતું.
- પ્રસાર ભારતી ભારતની સૌથી મોટી જાહેર પ્રસારણ એજન્સી છે. અને તેની સ્થાપના સંસદના કાયદા દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રીમતી સુનીતા અગ્રવાલે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ સુનીતા અગ્રવાલની નિમણૂક કરવામાં આવી છે.



- આ સાથે તેઓ ગુજરાત હાઈકોર્ટના બીજા મહિલા મુખ્ય ન્યાયાધીશ બન્યા છે.
- આ અગાઉ ફેબ્રુઆરી 2023માં જસ્ટિસ સોનિયા ગોકાણી ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા, જેમણે વય મર્યાદાના કારણે માત્ર 15 દિવસ સેવા આપી હતી.
- ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ આશિષ દેસાઈની નિમણૂક કરવામાં આવી હતી. શ્રી આશિષ દેસાઈને કેરળ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બનાવ્યા છે.
- ગાંધીનગરના રાજભવન ખાતે યોજાયેલા સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે શ્રીમતી સુનીતા અગ્રવાલને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ અપાવ્યા હતા.
- તેઓ ગુજરાત હાઈકોર્ટના 29મા મુખ્ય ન્યાયાધીશ બન્યા છે.

## જસ્ટિસ શ્રીમતી સુનીતા અગ્રવાલ

જસ્ટિસ શ્રીમતી સુનીતા અગ્રવાલનો જન્મ 30 એપ્રિલ, 1966ના રોજ થયો હતો.

- તેમણે 1989માં અવધ યુનિવર્સિટીમાંથી કાયદામાં સ્નાતકની પદવી મેળવી હતી.
- ત્યારબાદ ડિસેમ્બર 1990માં વકીલ તરીકે નામાંકિત થયા હતા.
- 21 નવેમ્બર, 2011ના રોજ તેમને અલહાબાદ હાઈકોર્ટમાં એડિશનલ જસ્ટિસ તરીકે પ્રમોટ કરવામાં આવ્યા હતા.
- અને તેના બે જ વર્ષમાં એટલે કે 2013માં તેમણે કાયમી ન્યાયાધીશ તરીકેના શપથ લીધા હતા.
- શ્રીમતી સુનીતા અગ્રવાલને 11 વર્ષનો જજ તરીકેનો અનુભવ છે.

### ગુજરાતના પ્રથમ મહિલા

- ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી : શ્રીમતી આનંદીબેન પટેલ
- ગુજરાતમાં પ્રથમ મહિલામંત્રી : શ્રીમતી ઈન્દુબેન શેઠ
- ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ : શ્રીમતી નિમાબેન આચાર્ય
- ગુજરાતમાં પ્રથમ મહિલા સ્નાતક : સુશ્રી વિદ્યાબેન નિલકંઠ અને સુશ્રી શારદાબેન મહેતા
- ગુજરાતના પ્રથમ મહિલા મુખ્ય સચિવ : સુશ્રી મંજૂલા સુબ્રમણ્યમ
- ગુજરાતમાં પ્રથમ મહિલા કુલપતિ : સુશ્રી હંસાબહેન મહેતા (M.S. યુનિવર્સિટી)
- ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા રાજ્યપાલ : સુશ્રી શારદા મુખર્જી
- ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ : શ્રીમતી સોનિયા ગોકાણી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)

ભારતીય બંધારણના ભાગ 6ના અનુચ્છેદ 214 થી 231 અંતર્ગત હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં હાલ કુલ 25 હાઈકોર્ટ આવેલી છે.
- કોલકાતા હાઈકોર્ટ ભારતની સૌથી જૂની હાઈકોર્ટ છે. તેની સ્થાપના 2 જૂલાઈ, 1862ના રોજ થઈ હતી.
- ભારતમાં છેલ્લે 23, 25 અને 26 માર્ચ 2013ના રોજ અનુક્રમે મેઘાલય, મણિપુર અને ત્રિપુરામાં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ 1 જાન્યુઆરી, 2019ના રોજ ભારતમાં 25મી હાઈકોર્ટ તરીકે આંધ્રપ્રદેશ હાઈકોર્ટની રચના કરવામાં આવી છે.
- ગુજરાત હાઈકોર્ટની સ્થાપના 1 મે, 1960ના રોજ થઈ હતી.

- હાઈકોર્ટ એ રાજ્ય ન્યાયતંત્રનું સર્વોચ્ચ ન્યાયાલય છે.
- રાજ્યના અન્ય ન્યાયાલયો હાઈકોર્ટને આધીન હોય છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 214 અનુસાર પ્રત્યેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરાયેલી છે. પરંતુ 1956ના 7મા બંધારણીય સુધારા અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશ

ભારતીય બંધારણના અનુચ્છેદ 216 અનુસાર દરેક હાઈકોર્ટમાં એક મુખ્ય ન્યાયાધીશ અને બીજા અન્ય ન્યાયાધીશો હોય છે.

- હાઈકોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વખતો વખત રાષ્ટ્રપતિ નક્કી કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 217 અનુસાર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તથા સંબંધિત રાજ્યના રાજ્યપાલની સલાહથી કરવામાં આવે છે.
- અનુચ્છેદ 217 અનુસાર રાષ્ટ્રપતિ હાઈકોર્ટના અન્ય ન્યાયાધીશોની નિયુક્તિ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ, સંબંધિત રાજ્યના રાજ્યપાલ અને એ રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની સલાહ પ્રમાણે કરે છે.
- આ ઉપરાંત ભારતની હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક માટે 'Collegium'ની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

## હાઈકોર્ટના મુખ્ય તથા અન્ય ન્યાયાધીશ માટેની લાયકાતો

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) ઓછામાં ઓછા 10 વર્ષનો ન્યાયાધીશનો અનુભવ હોવો જોઈએ.

**અથવા**

ઓછામાં ઓછા 10 વર્ષ સુધી હાઈકોર્ટમાં વકીલાતનો અનુભવ હોવો જોઈએ.

## હાઈકોર્ટના ન્યાયાધીશનો કાર્યકાળ

ભારતીય બંધારણના અનુચ્છેદ– 217 મુજબ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત તમામ ન્યાયાધીશ 62 વર્ષની વય સુધી પોતાના પદ પર સેવા આપી શકે છે.

- કોઈપણ ન્યાયાધીશ ભારતના રાષ્ટ્રપતિને સંબોધીને પોતાનું રાજીનામું આપી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશના શપથ

અનુચ્છેદ– 219 અનુસાર હાઈકોર્ટના ન્યાયાધીશોની શપથવિધિ રાજ્યપાલ કે રાજ્યપાલ દ્વારા નિમાયેલી અન્ય વ્યક્તિ સમક્ષ યોજાય છે.

## પગાર અને ભથ્થા

વર્તમાન સમયે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો પગાર રૂ. 2,50,000 પ્રતિમાસ અને અન્ય ન્યાયાધીશનો પગાર રૂ. 2,25,000 પ્રતિમાસ છે.

## હાઈકોર્ટ અંગે ભારતીય બંધારણના મહત્ત્વના અનુચ્છેદ

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ– 214 | રાજ્યો માટે હાઈકોર્ટ |
| અનુચ્છેદ– 215 | હાઈકોર્ટ માટે રેકર્ડ ન્યાયાલય રેહશે |
| અનુચ્છેદ– 216 | હાઈકોર્ટની રચના |
| અનુચ્છેદ– 217 | હાઈકોર્ટના ન્યાયાધીશની નિમણૂક અને તેના હોદ્દાની શરતો |
| અનુચ્છેદ– 219 | હાઈકોર્ટના ન્યાયાધીશોએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| અનુચ્છેદ– 223 | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશોની નિમણૂક |
| અનુચ્છેદ– 231 | બે કે તેથી વધુ રાજ્યો માટે એક ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના અંગેની જોગવાઈ |

નોંધ : ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી સુંદરલાલ ત્રિકમલાલ દેસાઈ હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહેસાણાના જોટાણામાં બે સેટેલાઈટ નેટવર્ક પોર્ટલ સાઈટની સ્થાપના થશે

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે સ્વર્ણિમ સંકૂલમાં લંડનની વનવેબ કંપની અને રાજ્યના સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ – DST વચ્ચે 'સેટેલાઈટ નેટવર્ક પોર્ટલ સાઈટ'ની સ્થાપના માટે MoU થયા હતા.

- ભારતમાં આ પ્રકારના બે પ્રાઈવેટ સેટેલાઈટ નેટવર્ક પોર્ટલ સાઈટની સ્થાપના થશે, જે પૈકી એક મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના બે ગામોમાં સ્થાપિત થશે.
- આ સેટેલાઈટ નેટવર્ક પોર્ટલ સાઈટથી સરકાર, વ્યાપાર, ગ્રાહકો, શાળાઓ વગેરેને ખૂબ જ ઝડપથી હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી સસ્તાદરે ઉપલબ્ધ થશે. તથા સતત અને સુરક્ષિત સેટેલાઈટ ઈન્ટરનેટ એક્સેસ પ્રદાન કરશે.

- ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત સમગ્ર ભારતના ગામડાઓ, જિલ્લા પંચાયતો, વહીવટી સંસ્થાઓ, સરકારી વિભાગો વગેરેને પોસાય તેવી રીતે ઈન્ટરનેટ પૂરું પાડવા માટેનો આ એક પ્રતિષ્ઠિત અને અનોખો પ્રોજેક્ટ છે.
- આ અંતર્ગત વનવેબ દ્વારા ભારતમાં બે સેટેલાઈટ નેટવર્ક પોર્ટલ (SNP) ગુજરાત અને તમિલનાડુ ખાતે ઊભા કરવામાં આવી રહ્યા છે.
- મહેસાણાના જોટાણા તાલુકાના કટોસણ અને તેજપુરા ખાતે ઊભું થનાર આ સેટેલાઈટ નેટવર્ક પોર્ટલ 2023માં શરૂ થશે.
- તેના ફેઝ-1માં સંભવિત 100 કરોડથી વધુનું રોકાણ થશે તેમજ રાજ્યમાં અંદાજે 500 જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી કરશે.

નોંધ : (1) વનવેબ નેટવર્ક એક્સેસ એસોસિએટ્સ લિમિટેડ એક કોમ્યુનિકેશન કંપની છે જેનો હેતુ બ્રોડબેન્ડ સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓનું નિર્માણ કરવાનો છે.

(2) વનવેબનું મુખ્ય મથક લંડનમાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



| | | |
|---|---|---|
| 1. | કયા દિવસના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય પ્રસારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 22 જુલાઈ (B) 23 જુલાઈ (C) 24 જુલાઈ (D) 25 જુલાઈ | (B) |
| 2. | તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે કોણે શપથ લીધા છે ?<br>(A) શ્રીમતી સુનીતા અગ્રવાલ (B) શ્રીમતી સોનીયા અગ્રવાલ<br>(C) શ્રીમતી બેલા ત્રિવેદી (D) શ્રીમતી હિમા ત્રિવેદી | (A) |
| 3. | તાજેતરમાં ચર્ચામાં રહેલ શ્રીમતી સુનીતા અગ્રવાલ કોણ છે ?<br>(A) ગુજરાત રાજ્યના બીજા મુખ્ય સચિવ<br>(B) ગુજરાત હાઈકોર્ટના બીજા મુખ્ય ન્યાયાધીશ<br>(C) ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા માહિતી કમિશનર<br>(D) ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા ચૂંટણી અધિકારી | (B) |
| 4. | ભારતીય બંધારણના કયા ભાગમાં હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?<br>(A) ભાગ-5 (B) ભાગ-6 (C) ભાગ-7 (D) ભાગ-8 | (B) |
| 5. | ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશનું નામ શું છે ?<br>(A) શ્રી રમણલાલ દેસાઈ (B) શ્રી જેઠાલાલ દેસાઈ<br>(C) શ્રી સુંદરલાલ દેસાઈ (D) શ્રી વ્રજલાલ દેસાઈ | (C) |
| 6. | વનવેબ કંપની ગુજરાતના કયા તાલુકામાં 'સેટેલાઈટ નેટવર્ક પોર્ટલ સાઈટ'ની સ્થાપના કરશે ?<br>(A) જોટાણા (B) નખત્રાણા (C) સાણંદ (D) પાલનપુર | (A) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 જુલાઈ, આવકવેરા દિવસ (Income Tax Day)




ભારતમાં દર વર્ષે 24 જુલાઈના રોજ 'આવકવેરા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 24 જુલાઈ, 1860ના રોજ સર જેમ્સ વિલ્સન દ્વારા ભારતમાં આવકવેરાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- જોકે, એ સમયે 1857ના ભારતના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામમાં થયેલા નુકશાનની ભરપાઈ માટે ભારતમાં Income Tax લાદવામાં આવ્યો હતો.
- આ ઘટનાને વર્ષ 2010માં 150 વર્ષ પૂર્ણ થયા હતા.
- આથી, આ દિવસની યાદમાં ભારત સરકારના ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા 24 જુલાઈ, 2010થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ અંતર્ગત વર્ષ 2010થી ભારતમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ : (1) સ્કોટલેન્ડમાં જન્મેલા સર જેમ્સ વિલ્સનને ભારતમાં બજેટ અને Income Tax સિસ્ટમના જનક માનવામાં આવે છે.

(2) વર્ષ 2022માં ભારતમાં 162માં 'આવકવેરા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં બનેલ વિશ્વની સૌથી મોટી ઓફિસ : Surat Diamond Bourse



Surat Diamond Bourse એ એક જ પ્રોજેક્ટમાં વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગ હોવાનું માનવામાં આવે છે, તે ઈતિહાસ રચવા માટે તૈયાર છે.

- સુરત ડાયમંડ બુર્સનું ઉદઘાટન 21 નવેમ્બરના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવશે.
- આ ભવ્ય પ્રોજેક્ટ માત્ર ભારતની ઉદ્યોગસાહસિક ભાવનાનો પુરાવો નથી, પરંતુ સુરતના હીરા ઉદ્યોગ માટે પણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન રૂપ છે.
- હાલમાં સુરતનું હીરા વેપારનું બજાર મહિધરપરા ડાયમંડ માર્કેટ અને વરાછા ડાયમંડ માર્કેટ ખાતે આવેલું છે.
- સુરત ડાયમંડ બુર્સ બિલ્ડિંગે અલગ–અલગ ક્રાઈટેરિયામાં વિશ્વના બે સૌથી મોટા બિલ્ડિંગ–દુબઈની બુર્જ ખલીફા અને અમેરિકાના પેન્ટાગોનને પછડાટ આપી છે.

## Surat Diamond Bourse

સુરત ડાયમંડ બુર્સ રૂ. 2500 કરોડના ખર્ચે તૈયાર થયું છે. જે સુરતના ખજોદ ખાતે આવેલું છે.

- 6,60,000 ચોરસ મીટરમાં ફેલાયેલ સુરત ડાયમંડ બુર્સમાં વર્ષે 2 લાખ કરોડ કરતા વધુનો ડાયમંડ વેપાર થશે.
- સુરત ડાયમંડ બુર્સમાં 10 હજારથી વધુ ટૂ–વ્હીલર અને 4500થી વધુ ફોર–વ્હીલર પાર્કિંગની વ્યવસ્થા છે.
- તેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ડાયમંડ વેપારીઓ માટે 4200 ઓફિસ છે.
- તેમાં વેપારીઓ અને અન્ય લોકો માટે રહેવાની સુવિધા તેમજ હાઉસિંગ કોલોણી પણ હશે.
- અહીં ઓફિસો 300 થી 75000 ચોરસ ફૂટ સુધીની છે, જે હીરા સંબંધિત પ્રવૃત્તિઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરે છે.
- તેમાં રફ અને પોલિશ્ડ હીરાનું વેચાણ, ડાયમંડ મેન્યુફેક્ચરિંગ મશીનરી, ડાયમંડ પ્લાનિંગ માટે સોફ્ટવેર, ડાયમંડ સર્ટિફિકેશન કંપની, લેબમાં ઉત્પન્ન કરવામાં આવેલા હીરા વગેરે સામેલ હશે.
- આ ઉપરાંત એક્સચેન્જમાં 27 ડાયમંડ જ્વેલરી રિટેલ સ્ટોર્સને સમાવી શકાશે જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને સેવા આપશે.
- દિલ્હી સ્થિત એક પ્રખ્યાત આર્કિટેક્ચરલ કંપની, મોર્ફોજેનેસિસ દ્વારા ડિઝાઈન કરાયેલ સુરત ડાયમંડ બોર્સ આર્કિટેક્ચરલ અજાયબી તરીકે ઊભું છે.

નોંધ : પેન્ટાગોન એ યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સનું હેડક્વાર્ટર બિલ્ડિંગ છે, તે અત્યાર સુધીનું સૌથી મોટું ઓફિસ બિલ્ડિંગ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ટામેટાના ભાવની અસ્થિરતા (Tomatoes Price Volatility)

ટામેટા એ મુખ્ય શાકભાજી છે જેનો સમગ્ર ભારતમાં વ્યાપકપણે ઉપયોગ થાય છે અને તે દેશના કૃષિ અર્થતંત્રમાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે.



- તાજેતરમાં ટામેટાના વધતા ભાવ ચિંતાનું કારણ બની ગયું છે.
- જુન 2022માં ટામેટાના ભાવમાં 20 રૂપિયા પ્રતિ કિલોથી 40 રૂપિયા સુધીનો એકાએક વધારો થયો હતો.
- ત્યારબાદ જુલાઈ 2023માં 100 રૂપિયા પ્રતિ કિલોએ પહોંચવાથી આ ભાવની અસ્થિરતા પાછળના કારણો અંગે પ્રશ્નો ઉભા થયા હતા.

- વધતા ભાવો છતા, ટામેટાનો ફુગાવો આશ્ચર્યજનક રીતે નાકારત્મક છે, જે #Tomato-nomics તરીકે ઓળખાતી કોયડારૂપ આર્થિક ઘટના બનાવે છે.

## ભારતમાં ટામેટાનું ઉત્પાદન

ટામેટાનું ઉત્પાદન પ્રાદેશિક રીતે આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, કર્ણાટક, ઓડિશા અને ગુજરાત જેવા રાજ્યોમાં કેન્દ્રિત છે.

- જે ટામેટાના કુલ ઉત્પાદનમાં આશરે 50 ટકા જેટલો હિસ્સો ધરાવે છે.
- ભારતમાં વાર્ષિક બે મુખ્ય ટામેટા પાકો થાય છે ખરીફ અને રવિ.
- ખરીફ પાક સપ્ટેમ્બરથી ઉપલબ્ધ થાય છે, જ્યારે રવિ પાક માર્ચ અને ઓગસ્ટ વચ્ચે બજારમાં આવે છે.
- ટામેટા સૌથી વધુ ઉગાડવામાં આવતી શાકભાજીઓમાંની એક હોવા છતા 2019-20માં તેની ટોચથી 21.187 મિલિયન ટન તેનું ઉત્પાદન ઘટી રહ્યું છે.

## ટામેટાના ઊંચા ભાવ પાછળના કારણો

### આત્યાંતિક હવામાન અથવા ખરાબ વાતાવરણ

હીટવેવ્સ તથા એપ્રિલ અને મેમાં ચોમાસામાં વિલંબને કારણે ટામેટાના પાક પર જીવાતોના હુમલા થયા હતા.

- તેનાથી ટામેટાની ઉપજ અને ગુણવત્તામાં ઘટાડો થયો હતો અને બજારમાં નવા પાકના આગમનમાં પણ વિલંબ થયો હતો.
- પરિણામે જૂન સુધીના મહિનાઓમાં ખેડૂતોને તેમના ઉત્પાદનના ઓછા ભાવ મળ્યા હતા.

### ઓછા ભાવ

ખેડૂતોએ તેમના ટામેટાના પાક માટે ઓછા વ્યાપારી અનુભૂતિના પડકારોનો સામનો કરવો પડયો હતો.

- ડિસેમ્બર 2022 અને એપ્રિલ 2023ની વચ્ચે ઘણા ખેડૂતોને તેમની ઉપજ માટે પ્રતિ કિલો રૂ. 6 થી રૂ. 11 જેટલો ઓછો ભાવ મળ્યો હતો.
- તેનાથી એવી પરિસ્થિતિ સર્જાઈ કે જ્યાં ખેડૂતોએ તેમના પાકને બિનલાભકારીદરે વેચવો પડયો અથવા તો તેમની પેદાશો છોડી દેવી પડી હતી. જેના પરિણામે પુરવઠામાં અછત સર્જાઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ખેડૂતો દ્વારા ટામેટાનું ઓછું ઉત્પાદન

પાછળના વર્ષમાં ખેડૂતોને મળેલા નીચા ભાવએ ખેતીની પદ્ધતિ પર નોંધપાત્ર અસર કરી હતી.

- પરિણામે ટામેટાના પુરવઠામાં નોંધપાત્ર યોગદાન આપનારા ઘણા ખેડૂતોએ તેમનું ધ્યાન અન્ય પાકો તરફ વાળ્યું હતું.
- આથી, ખેડૂતોને અન્ય પાકોના ઊંચા ભાવ મળતા હતા તે પાક પસંદ કરવા તરફ પ્રેરિત થયા હતા.
- ખેતીમાં આ ફેરફારને કારણે ટામેટાના ઉત્પાદનમાં ઘટાડો થયો હતો, જેનાથી પુરવઠાની કટોકટી વધી અને ભાવમાં વધારો થયો હતો.

## CMV અને ToMV વાયરસ

મહારાષ્ટ્ર, કર્ણાટક અને અન્ય દક્ષિણ ભારતીય રાજ્યોમાં ટામેટાના પાકમાં તાજેતરનો ઘટાડો અને ટામેટાના ભાવમાં વધારો એ બે છોડના વાયરસના ચેપને આભારી હોઈ શકે છે : ટોમેટો મોઝેક વાયરસ (ToMV) અને કાકડી મોઝેક વાયરસ (CMV).

- આ વાયરસના કારણે ત્રણ વર્ષમાં ટામેટાના પાકને ઘણું નુકસાન થયું હતું.

## પરિવહન અને લોજિસ્ટિક્સ સમસ્યાઓ

સતત વરસાદથી નવા પાક અને બિનઉત્પાદન વિસ્તારોમાં તેના પરિવહનને અસર થઈ છે.

- આ ઉપરાંત પર્યાપ્ત પરિવહન અને સંગ્રહની સુવિધાના અભાવે સરપ્લસમાંથી ખાદ્યવાળા પ્રદેશોમાં ટામેટાની અવરજવર અવરોધાય છે. ઈંધણના ઊંચા ભાવ અને કરને કારણે પરિવહન ખર્ચમાં પણ વધારો થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટામેટાના ઊંચા ભાવોની અસરો

- **ફુગાવાનું દબાણ** : ટામેટાના ભાવની અસ્થિરતાએ ઐતિહાસિક રીતે દેશમાં એકંદર ફુગાવાના સ્તરમાં ફાળો આપ્યો છે, જે ગ્રાહકોની ખરીદ શક્તિને અસર કરે છે.
- **CPIની અસર** : ટામેટાંના ભાવમાં વધઘટ કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) પર વધુ અસર કરે છે, જે નીતિ નિર્માતાઓ માટે ફુગવાને નિયંત્રિત કરવાનો પડકાર બનાવે છે.
- **આર્થિક કટોકટી** : ઊંચા ભાવ ઘરના બજેટ પર દબાણ લાવે છે, ખાસ કરીને ઓછી આવક ધરાવતા પરિવારો માટે કે જેઓ આહાર તરીકે ટામેટા પર ખૂબ આધાર રાખે છે.
- તે ભારતીય રિઝર્વ બેંક (RBI)ના નાણાકીય નીતિના નિર્ણયોને પણ પ્રભાવિત કરે છે, જેનો ઉદ્દેશ્ય ભાવ સ્થિરતા અને વૃદ્ધિ જાળવી રાખવાનો છે.
- RBIએ હાઈલેટ કર્યુ કે ટામેટાના ભાવની અસ્થિરતા ઐતિહાસિક રીતે અન્ય કોમોડિટીઝ અને દેશમાં એકંદર ફુગાવાના સ્તર પર અસર કરે છે.

# ટામેટાનો નકારત્મક ફુગાવો

## ઉચ્ચ પાયાની અસર :

- નકારત્મક ફુગાવાનો દર ઉચ્ચ આધાર અસરનું પરિણામ છે.
- જૂન 2022માં ટામેટાની ઈન્ડેક્સ કિંમત તે સમયે વધતી કિંમતોને કારણે ઘણી વધારે હતી.
- જૂન 2023માં ભાવ વધારા પછી પણ, ઈન્ડેક્સ વેલ્યુ પાછલા વર્ષની સરખામણીએ ઘણી ઓછી હતી. જે નકારત્મક ફુગાવા તરફ દોરી જાય છે.

## ગણતરી પદ્ધતિ :

- ભારતમાં ફુગાવાનો દર વાર્ષિક ધોરણે ગણવામાં આવે છે, જેમાં ચોક્કસ મહિનાના ઈન્ડેક્સ મૂલ્યની સરખામણી પાછલા વર્ષના સમાન મહિના સાથે કરવામાં આવે છે.
- જૂન 2023(191) માટેનું ઈન્ડેક્સ મૂલ્ય જૂન 2022 (293) માટેના ઈન્ડેક્સ મૂલ્ય કરતા ઘણું ઓછું છે, જે 35%નો ઘટાડો દર્શાવે છે.
- જૂન 2022 થી જૂન 2023 દરમિયાન ઈન્ડેક્સના ભાવમાં થયેલા ઘટાડાથી ટામેટાના ભાવમાં તાજેતરમાં વધારો થયો હોવા છતા નકારત્મક ફુગાવો થયો છે.

## અસ્થાયી ભાવ વધારો :

- થોડા જ સમયમાં ટામેટાના ભાવમાં તીવ્ર વધારો થયો હતો અને જૂન 2023માં ટામેટાના ભાવ પ્રતિ કિલો રૂ. 100 સુધી પહોંચી ગયો હતો.
- જોકે આ વૃદ્ધિ સ્થિર રહી ન હતી અને પાછળથી ભાવ ઘટવા લાગ્યા, જેણે નકારત્મક ફુગાવાના દરમાં ફાળો આપ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. ભારતમાં 'આવકવેરા દિવસ' અથવા તો 'ઈન્કમ ટેક્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 જુલાઈ (B) 23 જુલાઈ (C) 24 જુલાઈ (D) 25 જુલાઈ

**(C)**

2. 24 જુલાઈ, 1860ના રોજ ભારતમાં કોના દ્વારા આવકવેરાનો પ્રારંભ થયો હતો ?

(A) સર જેમ્સ વિલિયમ્સ (B) સર હેનરી ફોર્ડ

(C) સર જ્હોન વિલિયમ્સ (D) સર જેમ્સ વિલ્સન

**(D)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Surat Diamond Bourse' શું છે ?

(A) સુરતમાં લેબમાં હીરા ઉત્પન્ન કરવા માટેની નવનિર્મિત કંપની

(B) સુરતમાં બનેલ વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગ

(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમેરિકાના રાષ્ટ્રપતિને આપવામાં આવેલ એક ભેટ

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

**(B)**

4. તાજેતરમાં ટામેટામાં વધેલા ભાવ ચિંતાનું કારણ બન્યું હતું. નીચેનામાંથી કયા કારણો ટામેટાના ઊંચા ભાવ પાછળના કારણો છે ?

1. હીટવેવ્સ અને એપ્રિલ તથા મેમાં ચોમાસામાં વિલંબને કારણે ટામેટાના પાક પર જીવાતોના હુમલા થયા હતા. તેનાથી ટામેટાની ઉપજ અને ગુણવત્તામાં ઘટાડો થયો હતો.
2. આગળના વર્ષમાં ટામેટાના ઓછા ભાવને કારણે ખેડૂતો આ વર્ષે ટામેટાને બદલે અન્ય પાકને ઉત્પાદિત કરવા પ્રેરિત થયા હતા, જેના કારણે પુરવઠાની કટોકટી વધી અને ભાવમાં વધારો થયો હતો.
3. ToMV અને CMV વાયરસના કારણે મહારાષ્ટ્ર, કર્ણાટક અને દક્ષિણ ભારતના રાજ્યમાં ટામેટાનું ઓછું ઉત્પાદન થયું હતું. જેના કારણે પુરવઠામાં અછત સર્જાઈ હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# પશુધન ક્ષેત્ર માટે ક્રેડિટ ગેરંટી યોજના (Credit Guarantee Scheme for Livestock Sector)

મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયે પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (AHIDF) હેઠળ પશુધન ક્ષેત્રમાં MSMEને કોલેટરલ – મુક્ત લોનની સુવિધા આપવા માટે પ્રથમ 'ક્રેડિટ ગેરંટી યોજના' શરૂ કરી છે.



## ક્રેડિટ ગેરંટી યોજનાની મુખ્ય વિશેષતાઓ

### ઉદ્દેશ્ય

ધિરાણ વિતરણ પ્રણાલીને મજબૂત બનાવવી અને પશુધન ક્ષેત્રમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)ને ધિરાણનો સરળ પ્રવાહ સુનિશ્ચિત કરવો.

- પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકો અને સમાજના વંચિત વર્ગો પર ધ્યાન કેન્દ્રિત કરીને બિન–સેવા પામેલા અને ઓછા સેવા આપતા પશુધન ક્ષેત્ર માટે નાણાંની પહોંચ વધારવી.

### ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટ

- ધિરાણ આપતી સંસ્થાઓ દ્વારા લાયક MSMEને 25% સુધીની ક્રેડિટ ગેરંટી કવરેજ આપવા માટે રૂ. 750 કરોડના 'ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટ'ની સ્થાપના કરવામાં આવી છે.

### વ્યાજ સબવેન્શન

આ યોજના અનુસૂચિત બેંકો અથવા નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) પાસેથી લીધેલી લોન પર 3% વ્યાજ સબવેન્શન પ્રદાન કરે છે.

- લોન લેનારાઓ કુલ પ્રોજેક્ટ ખર્ચના 90% સુધી લોન તરીકે મેળવી શકે છે.

### પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ શું છે ?

પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (AHIDF)ની સ્થાપના એટલા માટે કરવામાં આવી છે કારણ કે MSME અને ખાનગી કંપનીઓને પણ પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન માળખામાં તેમની ભાગીદારીને વધારવા અને પ્રોત્સાહિત કરવાની જરૂર છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- AHIDF એ પ્રધાનમંત્રીના આત્મનિર્ભર ભારત અભિયાન પ્રોત્સાહન પેકેજ હેઠળ રૂ. 15000 કરોડના રોકાણને પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.
- આ ફંડ દ્વારા વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો, ખાનગી કંપનીઓ, MSME, ખેડૂત ઉત્પાદન સંગઠનો અને કલમ 8 હેઠળ સમાવિષ્ટ કંપનીઓને પશુધન ક્ષેત્રમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## PM-KUSUM યોજના

કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રીએ લોકસભામાં લેખિત પ્રતિભાવ દ્વારા'PM-KUSUM યોજના'ની વર્તમાન સ્થિતિ રજૂ કરી હતી.




- નોંધનીય છે કે અગાઉ નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (The Ministry of New and Renewable Energy - MNRE)એ PM-KUSUM યોજના હેઠળ ગ્રામીણ ભારતમાં 30,000 મેગાવોટ સૌરક્ષમતા સ્થાપિત કરવાની સમયમર્યાદા માર્ચ 2026 સુધી લંબાવી હતી.

### PM - KUSUM

PM KUSUM યોજનાનું પૂરું નામ 'પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા ઈવમ ઉત્થાન મહાઅભિયાન' છે.



- PM KUSUM યોજના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE) દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં ઓફ–ગ્રીડ સોલાર પંપની સ્થાપના માટે અને ઓફ–ગ્રીડ વિસ્તારોમાં ગ્રીડ નિર્ભરતા ઘટાડવા માટે શરૂ કરવામાં આવી હતી.
- આ યોજનાને ફેબ્રુઆરી 2019માં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- શરૂઆતમાં આ યોજનાનો હેતુ વર્ષ 2022 સુધીમાં 25,750 મેગાવોટની ક્ષમતાના સૌર અને અન્ય નવીનીકરણીય પાવર પ્લાન્ટ ઉમેરવાનો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઘટકો

- આ યોજના નીચે મુજબના ઘટક ધરાવે છે.

(a) જમીન પર સ્થાપિત 10,000 મેગાવોટના રિન્યુએબલ એનર્જી પ્લાન્ટને વિકેન્દ્રિત ગ્રીડ સાથે જોડવું.

(b) 20 લાખ સૌર ઊર્જાથી ચાલતા કૃષિ પંપની સ્થાપના.

(c) ગ્રીડ સાથે જોડાયેલા 15 લાખ સૌર ઊર્જા સંચાલિત કૃષિ પંપનું સોલારાઈઝેશન.

## ઉદ્દેશ્ય


- તેનો હેતુ ખેડૂતોને તેમની સૂકી જમીન પર સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતા સ્થાપિત કરવા અને તેને ગ્રીડને વેચવા સક્ષમ બનાવવાનો છે.
- તે ગ્રીડને વધારાની સોલાર પાવર વેંચવાની મંજૂરી આપીને ખેડૂતોની આવક વધારવામાં પણ મદદ કરે છે.

## યોજનાનું મહત્ત્વ

- આ યોજનાથી ખેડૂતોને સરપ્લસ સોલાર પાવર રાજ્યોને વેચવા માટે પ્રોત્સાહન મળે છે, જેનાથી તેમની આવકમાં વધારો થશે.
- આ યોજનાથી ગ્રામીણ વિસ્તારોમાં વીજળીની સુવિધામાં વધારો થવાની અને કૃષિ અને અન્ય ગ્રામીણ પ્રવૃત્તિઓ માટે ઊર્જાનો વિશ્વસનીય સ્ત્રોત પુરો પાડવાની અપેક્ષા છે.
- જો ખેડૂતો સરપ્લસ પાવર વેચી શકશે તો તેમને પાવર બચાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે, તેનાથી ભૂગર્ભજળનો યોગ્ય અને કાર્યક્ષમ ઉપયોગ થશે.
- આ સિવાય વિકેન્દ્રિત સોલાર આધારિત સિંચાઈની સુવિધા આપીને પ્રદૂષણ ફેલાવતા ડીઝલને ટાળી શકાય છે.
- જ્યારે સંપૂર્ણ રીતે અમલમાં આવશે ત્યારે PM-KUSUM કાર્બન ઉત્સર્જનમાં દર વર્ષ 32 મિલિયન ટન $CO_2$ સુધીનો ઘટાડો કરશે.
- આ યોજના હેઠળ સોલાર પાવર પ્રોજેક્ટના સ્થાપન, જાળવણી અને સંચાલનના પરિણામે રોજગારીની તકો ઉત્પન્ન થવાની અપેક્ષા છે.
- આ યોજના ગ્રામીણ સમુદાયોને ઊર્જા ઉત્પાદન અને વિતરણ પર નિયંત્રણ આપીને સશક્તિકરણ કરશે.
- સોલાર પંપ ડીઝલ પંપ ચલાવવા માટે ડીઝલ પર થતા ખર્ચને બચાવશે અને ખેડૂતોને ડીઝલ પંપ ચલાવવાથી હાનિકારક પ્રદૂષણ અટકાવવા ઉપરાંત સોલાર પંપ દ્વારા સિંચાઈનો વિશ્વસનીય સ્ત્રોત પૂરો પાડશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


# શ્રી એલન મસ્કે ટ્વિટરનો લોગો બદલ્યો : બ્લૂ બર્ડની જગ્યાએ હવે Xનો સિમ્બોલ



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટરના માલિક <u>શ્રી એલન મસ્કે</u> તાજેતરમાં ટ્વિટરના <u>બ્લુ બર્ડ લોગોને બદલીને 'X'</u> કર્યો છે.

- આ સાથે ટ્વિટરમાં બ્લૂ બર્ડના લોગોની જગ્યાએ <u>Xનો લોગો</u> લાઈવ થઈ ગયો છે.
- ટ્વિટરનું નવું વેબ એડ્રેસ હવે <u>X.Com</u> તરીકે ઓળખાશે.
- ટ્વિટરએ ચીનની <u>WeChat</u> જેવી જ <u>'સુપર એપ'</u>માં ફેરવવાની વ્યાપક વ્યૂહરચનાના ભાગરૂપે આ પગલું લેવામાં આવ્યું છે.
- ટ્વિટર માટે શ્રી એલન મસ્કનું વિઝન પરંપરાગત સોશિયલ મીડિયા પ્લેટફોર્મથી ઘણું આગળ વિસ્તરે છે.
- તેમનો ધ્યેય એક વ્યાપક સુપર એપ બનાવવાનો છે જેમાં વિવિધ પ્રકારની કાર્યક્ષમતા અને સેવાઓનો સમાવેશ થાય છે.
- ટ્વિટરના CEO સુશ્રી લિન્ડા યાકારિનોએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે ટ્વિટરની વેબસાઈટની સાથો સાથ એપ પણ રિડિઝાઈન કરાઈ રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®





**1.** તાજેતરમાં 'પશુધન ક્ષેત્ર માટે ક્રેડિટ ગેરંટી યોજના' (Credit Guarantee Scheme for Livestock Sector) શરૂ કરવામાં આવી છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયે પશુપાલન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (AHIDF) હેઠળ પશુધન ક્ષેત્રમાં MSMEને કોલેટરલ–મુક્ત લોનની સુવિધા આપવા માટે શરૂ કરી છે.
2. તેનો ઉદ્દેશ ધિરાણ વિતરણ પ્રણાલીને મજબૂત બનાવવી અને પશુધન ક્ષેત્રમાં MSMEને ધિરાણનો સરળ પ્રવાહ સુનિશ્ચિત કરવાનો છે.
3. આ યોજના અંતર્ગત ધિરાણ આપતી સંસ્થાઓ દ્વારા લાયક MSMEને 25% સુધીની ક્રેડિટ ગેરંટી કવરેજ આપવા માટે રૂ. 750 કરોડના ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 2 અને 3 (B) માત્ર 1 અને 2

(C) 1, 2 અને 3 (D) માત્ર 1 અને 3

**(C)**

**2.** PM-KUSUM યોજના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. PM KUSUM યોજનાનું પૂરું નામ 'પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા ઈવમ ઉત્થાન મહાઅભિયાન' છે.
2. PM KUSUM યોજના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE) દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં ઓફ – ગ્રીડ સોલાર પંપની સ્થાપના માટે અને ઓફ – ગ્રીડ વિસ્તારોમાં ગ્રીડ નિર્ભરતા ઘટાડવા માટે શરૂ કરવામાં આવી હતી.
3. આ યોજનાને ફેબ્રુઆરી 2019માં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
4. શરૂઆતમાં આ યોજનાનો હેતુ વર્ષ 2023 સુધીમાં 20,250 મેગાવોટની ક્ષમતાના સૌર અને અન્ય નવીનીકરણીય પાવર પ્લાન્ટ ઉમેરવાનો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1 અને 2 (D) 1, 2, 3 અને 4

**(A)**

**3.** શ્રી એલન મસ્કે ટ્વિટરનો લોગો બદલ્યો છે. જેમાં બ્લૂ બર્ડની જગ્યાએ શેનો સિમ્બોલ રાખ્યો છે ?

(A) 'Y' (B) AM (C) X (D) MA

**(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 26 જુલાઈ, કારગિલ વિજય દિવસ




ભારતમાં દર વર્ષે 26 જુલાઈના રોજ 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તેને વિજય દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ 1999માં થયેલા કારગિલ યુદ્ધમાં ભારતની સેના દ્વારા 'ઓપરેશન વિજય' હાથ ધરવામાં આવ્યું હતું.
- જેમાં ભારતની સેનાની જીત થઈ હતી.
- અને 26 જુલાઈ, 1999ના રોજ આ યુદ્ધનો અંત આવ્યો હતો.
- આથી, ભારતમાં દર વર્ષે 26 જુલાઈના રોજ 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ 2023માં 'કારગિલ વિજય દિવસ'ની 24મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે.

## રાષ્ટ્રીય સર્વેક્ષણની કાર્યપ્રણાલીની સમિક્ષા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

તાજેતરમાં ભારત સરકારે નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઈઝેશન (NSO)ની કામગીરીની સમીક્ષા કરવા માટે ભારતના ભૂતપૂર્વ મુખ્ય આંકડાશાસ્ત્રી શ્રી પ્રણવ સેનની અધ્યક્ષતામાં આંકડાશાસ્ત્ર પર એક સ્થાયી સમિતિ (SCOC)ની રચના કરી છે.

### આંકડાશાસ્ત્ર પરની સ્થાયી સમિતિ વિશે

સરકારે ડિસેમ્બર 2019માં રચાયેલી સ્થાયી સમિતિ ઓન ઈકોનોમિક સ્ટેટિસ્ટિક્સ (SCES)નું નામ બદલીને સ્ટેન્ડિંગ કમિટી ઓન સ્ટેટિસ્ટિક્સ (SCOS) સુધી તેનો વ્યાપ વિસ્તાર્યો છે.

- પ્રથમ SCESમાં 28 સભ્યો હતા અને તેને ઔદ્યોગિક ક્ષેત્ર અને શ્રમ દળના ડેટા સાથે આર્થિક સૂચકાંકોના માળખાની સમીક્ષા કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.
- જેમાં સામયિક શ્રમ દળ સર્વેક્ષણ, ઉદ્યોગોના વાર્ષિક સર્વેક્ષણ, અર્થિક વસતી ગણતરી સાથે સંબંધિત ડેટાનો સમાવેશ થાય છે.
- સમીક્ષાનું આ કાર્ય હવે નવા SCOS દ્વારા કરવામાં આવશે.

## સભ્ય

SCOS (સ્ટેન્ડિંગ કમિટી ઓન સ્ટેટિસ્ટિક્સ)માં 14 સભ્યો છે જેમાંથી 4 બિન–સત્તાવાર સભ્યો, 9 સત્તાવાર સભ્યો અને 1 સભ્ય સચિવ છે.

- આ સમિતિમાં કુલ સભ્યોની સંખ્યા 16 પણ હોઈ શકે છે જેને જરૂરિયાતના આધારે સમયાંતરે વધારી શકાય છે.

## કાર્ય

- વર્તમાન માળખાની સમીક્ષા કરવા અને આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા SCOS સમક્ષ લાવવામાં આવેલા તમામ સર્વેક્ષણો સંબંધિત વિષય/પરિણામો/પદ્ધતિ વગેરે સમયાંતરે ઊઠાવવામાં આવેલા મુદ્દાઓને સંબોધવા.
- તે સેમ્પલિંગ ફ્રેમ, સેમ્પલિંગ ડિઝાઈન, સર્વેક્ષણ સાધનો વગેરે સહિત સર્વેક્ષણ પદ્ધતિ અંગે સલાહ આપે છે અને સર્વેક્ષણની ટેબ્યુલર યોજનાને અંતિમ સ્વરૂપ આપે છે. આ સાથે સર્વે પરિણામોને અંતિમ સ્વરૂપ આપે છે.
- આ સમિતિનું કાર્ય તમામ ડેટા એકત્રીકરણ અને ડેટા જનરેશન પ્રયાસોની રચના કરવાનું છે.

## સમીક્ષાની જરૂર શા માટે છે ?

### જૂની અને પ્રાચીન પદ્ધતિઓ

કેટલાક નિષ્ણાતોએ રાષ્ટ્રીય સર્વેક્ષણમાં ઉપયોગમાં લેવાતી જૂની સર્વેક્ષણ પદ્ધતિઓ પર ચિંતા વ્યક્ત કરી છે, જેમ કે નેશનલ સેમ્પલ સર્વે (NSS), નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS) અને પીરિયોડિક લેબર ફોર્સ સર્વે (PLFS)નો સમાવેશ થાય છે.

- જેના કારણે ભારતના વિકાસને વ્યવસ્થિત રીતે ઓછો આંકવામાં આવી રહ્યો છે.
- તેઓ દલીલ કરે છે કે આ પ્રાચીન પદ્ધતિ કેટલાક સમયથી વાસ્તવિક ડેટાને પ્રતિબિંબિત કરવામાં નિષ્ફળ રહી છે કારણ કે 'ભારતીય અર્થતંત્ર' છેલ્લા 30 વર્ષોમાં અતિશય ગતિશીલ રહ્યું છે.

### રાષ્ટ્રીય સ્તરના ડેટાનું મહત્ત્વ

રાષ્ટ્રીય સ્તરનો ડેટા સંશોધન, નીતિ નિર્માણ અને વિકાસ આયોજન માટે મહત્વપૂર્ણ સ્ત્રોત છે.

- આમ ઉપલબ્ધ પુરાવાના પ્રકાશમાં દાવાઓ અને પ્રતિ–દાવાઓની તપાસ કરવી જરૂરી છે.
- આ હેતુ માટે પેનલ NFHS ડેટાનું નજીકથી નિરીક્ષણ કરશે, જે છેલ્લા 30 વર્ષની આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નોડલ એજન્સી તરીકે ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોપ્યુલેશન સાયન્સ (IIPS) દ્વારા હાથ ધરવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### ગ્રામીણ પૂર્વગ્રહનો મુદ્દો

ટીકાકારો દલીલ કરે છે કે NFHS જેવા રાષ્ટ્રીય સર્વેક્ષણ ગ્રામીણ પૂર્વગ્રહ દર્શાવે છે, જૂની વસતી ગણતરીના ડેટા પર ભારે નિર્ભરતાને કારણે ગ્રામીણ વસતીને વધારે પડતો અંદાજ આપે છે.

- જોકે NFHS ડેટાના પાંચ રાઉન્ડનું નજીકનું વિશ્લેષણ આ દાવાને સમર્થન આપતું નથી. તેના બદલે પુરાવાઓ સૂચવે છે કે NFHS-3, NFHS-2 અને NFHS-5માં ગ્રામીણ વસતીને ઓછો અંદાજ આપવામાં આવ્યો છે.
- NFHS-1 અને NFHS-4 અંદાજો વિશ્વ બેંકના અંદાજો અને વસતી ગણતરીના અંદાજો સાથે ઉચ્ચ ડિગ્રી સમાનતા ધરાવે છે, જે વ્યવસ્થિત પૂર્વગ્રહને બદલે રેન્ડમ ભૂલો દર્શાવે છે.

## ઈથેનોલ અને E20 ઈંધણ (E20 Fuels)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ G20 ઊર્જા મંત્રીઓની બેઠકમાં જાહેરાત કરી હતી કે ભારતે વર્ષ 2023માં 20% ઈથેનોલ –મિશ્રિત પેટ્રોલ લોન્ચ કર્યુ હતું અને વર્ષ 2025 સુધીમાં સમગ્ર દેશને આવરી લેવાનું લક્ષ્ય રાખ્યું છે.




- આ અગાઉ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફેબ્રુઆરી 2023માં ઈન્ડિયા એનર્જી વીક 2023 દરમિયાન E20 ઈંધણ (E20 Fuels) લોન્ચ કર્યુ હતું.

### E20 ઇંધણ શું છે ?

E20નો અર્થ એ છે કે ઈંધણમાં 20% ઈથેનોલ અને 80% ગેસોલિન હોય છે.

- E20માં સંખ્યાઓ ગેસોલિન સાથે મિશ્રિત ઈથેનોલના ગુણોત્તરને દર્શાવે છે.
- આજે ભારતમાં ઈથેનોલના મિશ્રણની ટકાવારી 10 છે. એટલે કે ભારત E10 ઈંધણનો ઉપયોગ કરી રહ્યો છે.
- વિશ્વના સૌથી મોટા બાયોફ્યુઅલ ઉત્પાદકો જેમ કે બ્રાઝિલ અને યુએસ પહેલાથી જ E100 ઈંધણ સુરક્ષિત કરી ચૂક્યા છે.

### શા માટે E20 બાયોફ્યુઅલ છે ?

ઈથેનોલ કુદરતી સ્ત્રોત ખાંડને આથો આપીને બનાવવામાં આવે છે.

- અથવા આથોની પ્રક્રિયાનો ઉપયોગ કરીને શેરડી, મકાઈ, ઘઉં વગેરે જેવા સ્ટાર્ચનું પ્રમાણ વધારે હોય તેવા પાકોમાંથી ઈથેનોલ બનાવી શકાય છે.
- તે સળગતી વખતે ખૂબ જ ઓછા અવશેષો છોડે છે. અને તેથી હવાને સ્વચ્છ રાખે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારત ઘણી બધી શેરડીનું ઉત્પાદન કરે છે અને તેથી E20 દેશની ઈંધણની માંગને પહોંચી વળવાની સારી ક્ષમતા ધરાવે છે.

## E20થી ભારતને કેવી રીતે ફાયદો થશે ?

ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ ઘણું ઓછું છે. ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા યોજના પ્રમાણે વધી રહી નથી.

- ઉપરાંત અન્ય દેશોની સરખામણીમાં ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન પણ ઓછું છે.
- E20 આ પરિસ્થિતિ માટે સારી પસંદગી છે. ભારત ચોખ્ખી શૂન્ય ઉત્સર્જન હાંસલ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.
- E20 અને ઈલેક્ટ્રિક વાહનો બંને ઉત્સર્જન મુક્ત દેશ બનવાના ઉપાય છે.

## ઈથેનોલ

ઈથેનોલ એક કાર્બનિક રાસાયણિક સંયોજન છે.

- તે રાસાયણિક સૂત્ર $C_2H_6O$ સાથેનો સરળ આલ્કોહોલ છે.
- તે અસ્થિર, જ્વલનશીલ, રંગહીન પ્રવાહી છે. જેમાં લાક્ષણિક વાઈન જેવી ગંધ અને તીખો સ્વાદ હોય છે.
- શેરડી, મકાઈ, ઘઉં વગેરે જેવા સ્ટાર્ચનું પ્રમાણ વધુ હોય તેવા પાકમાંથી ઈથેનોલનું ઉત્પાદન કરી શકાય છે.
- ભારતમાં ઈથેનોલ મુખ્યત્વે શેરડીના મોલેસીસમાંથી બનાવવામાં આવે છે.
- વિવિધ પ્રકારના મિશ્રણ ઉત્પાદનો બનાવવા માટે ગેસોલિન સાથે ઈથેનોલનું મિશ્રણ કરવામાં આવે છે.
- ઈથેનોલમાં ઓક્સિજનના પરમાણુઓ હોય છે, તેથી પેટ્રોલ સાથે ઈથેનોલનું મિશ્રણ ઈંધણના વધુ સંપૂર્ણ કમ્બશન માટે પરવાનગી આપે છે. જેના પરિણામે પર્યાવરણીય પ્રદૂષકોના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બટાગાયકા ક્રેટર (Batagaika Crater)



રશિયાનું બટાગાયકા ક્રેટર એ વિશ્વનું સૌથી મોટું 1 કિમી લાંબુ પર્માફ્રોસ્ટ ક્રેટર (ખાડો) છે.

- જે ગ્લોબલ વોર્મિંગ અને પર્માફ્રોસ્ટના ગલનના કારણે ફેલાય છે.
- બટાગાયકા ક્રેટર ગ્લોબલ વોર્મિંગ પરિણામોનું ચિંતાજનક ઉદાહરણ છે.
- બટાગાયકા ક્રેટર રશિયાના દૂર પૂર્વમાં ખાસ કરીને સાખા પ્રજાસત્તાકમાં સ્થિત છે.
- આ દૂરસ્થ પ્રદેશ પર્માફ્રોસ્ટ પર આબોહવા પરિવર્તનની અસરોના અભ્યાસ માટે કેન્દ્ર બિંદુ બની ગયો છે.

- વનનાબૂદીને કારણે <u>ભૂગર્ભ પર્માફ્રોસ્ટ</u> પીગળી ગયો છે, જેના કારણે રશિયાના સખા રિપબ્લિકમાં ક્રેટર્સનો વિકાસ થયો છે.
- તેમાં ખતરનાક <u>ઓર્ગેનિક કાર્બન</u> પણ છે, જે ગ્લોબલ વોર્મિંગમાં વધારો કરી રહ્યું છે.
- રશિયામાં તાપમાન ભયજનક દરે વધી રહ્યું છે, જે વૈશ્વિક સરેરાશ કરતા લગભગ <u>2.5 ગણું</u> વધુ છે.
- રશિયાના લગભગ <u>65% જમીન વિસ્તાર</u> લાંબા–સ્થિર ટુંડ્ર દ્વારા આવરી લેવામાં આવ્યા છે, જે ઝડપથી ઉષ્ણતાનો અનુભવ કરી રહ્યું છે.
- આ વિસ્તારોમાં પર્માફ્રોસ્ટ ઓગળવાથી જમીનમાં સંગ્રહિત ગ્રીનહાઉસ વાયુઓ બહાર આવે છે, જે ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તનમાં ફાળો આપે છે.
- પર્માફ્રોસ્ટ એ જમીન અથવા માટીનો ઉલ્લેખ કરે છે જે બે કે તેથી વધુ વર્ષો સુધી ફ્રીઝિંગ પોઈન્ટ ($0^{0}$ C અથવા $32^{0}$F) પર અથવા તેની નીચે થીજી જાય છે.
- તે સામાન્ય રીતે ધ્રુવોની નજીકના ઉચ્ચ અક્ષાંશ પ્રદેશોમાં જોવા મળે છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં કયો દિવસ 'કારગીલ વિજય દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 25 જુલાઈ (B) 26 જુલાઈ (C) 27 જુલાઈ (D) 28 જુલાઈ

**(B)**

2. તાજેતરમાં વર્ષ 2023 દરમિયાન 'કારગીલ વિજય દિવસ'ની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 23 મી (B) 24 મી (C) 25 મી (D) 26 મી

**(B)**

3. તાજેતરમાં ભારત સરકારે નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઈઝેશન (NSO)ની કામગીરીની સમીક્ષા કરવા માટે કોની અધ્યક્ષતામાં આંકડાશાસ્ત્ર પર એક સ્થાયી સમિતિ (SCOC)ની રચના કરી છે ?

(A) શ્રી પ્રણવ સેન (B) શ્રી પ્રણવ ગુપ્તા

(C) શ્રી પ્રણવ શાહ (D) શ્રી પ્રણવ મીણા

**(A)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ E20 ઈંધણ નીચેના પૈકી શેની સાથે સંબંધિત છે ?

(A) E-બેટરી (B) ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ

(C) હાઈડ્રોજન ઈંધણ (D) સૌર ઈંધણ

**(B)**

5. E20 ઈંધણ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) E20નો અર્થ એ છે કે ઈંધણમાં 20% ઈથેનોલ અને 80% ગેસોલિન હોય છે.

(B) તે સળગતી વખતે ખૂબ જ ઓછા અવશેષો છોડે છે અને તેથી તે હવાને સ્વચ્છ રાખે છે.

(C) (A) અને (B) બંને સાચા છે.

(D) (A) અને (B) બંને ખોટા છે.

**(C)**

6. તાજેતરમાં 'બટાગાયકા ક્રેટર' (Batagaika Crater) ચર્ચામાં હતું. તે કયા દેશમાં સ્થિત છે ?

(A) જાપાન (B) ચીન

(C) યુક્રેન (D) રશિયા

**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જૈવવિવિધતા (સુધારા) બિલ, 2021

તાજેતરમાં 'જૈવ વિવિધતા (સુધારા) બિલ, 2021' (Biological Diversity (Amendment) Bill, 2021) લોકસભામાંથી પસાર કરવામાં આવ્યું હતું.




- આ બિલ જૈવ વિવિધતા અધિનિયમ, 2002માં સુધારો કરવા માંગે છે.
- આ બિલ 16 ડિસેમ્બર, 2021ના રોજ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ આ બિલને 20 ડિસેમ્બર, 2021ના રોજ સંયુક્ત સમિતિમાં ખસેડવામાં આવ્યું હતું.
- 'જૈવ વિવિધતા અધિનિયમ, 2002' વર્ષ 1992ના જૈવ વિવિધતા સંમેલન (CBD) હેઠળ ભારતની પ્રતિબદ્ધતાઓના જવાબમાં ઘડવામાં આવ્યો હતો.
- જૈવ વિવિધતા સંમેલન (CBD) અનુસાર દેશોને તેમના જૈવિક સંસાધનોને નિયંત્રિત કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને તે રાષ્ટ્રીય કાયદાના આધારે આ સંસાધનોની એક્સેસને નિયંત્રિત કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- આ અધિનિયમ જૈવિક સંસાધનોનું અસરકારક રીતે સંચાલન કરવા માટે ત્રણ–સ્તરીય માળખું સુયોજિત કરે છે :

(1) રાષ્ટ્રીય સ્તરે રાષ્ટ્રીય જૈવવિવિધતા સત્તામંડળ (NBA)

(2) રાજ્ય સ્તરે રાજ્ય જૈવવિવિધતા બોર્ડ (SBB)

(3) સ્થાનિક સ્તરે જૈવવિવિધતા વ્યવસ્થાપન સમિતિઓ (BMC)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### જૈવ વિવિધતા (સુધારા) બિલ, 2021ની મુખ્ય જોગવાઈઓ

| જોગવાઈ | જૈવ વિવિધતા અધિનિયમ, 2002 | નવા અધિનિયમ દ્વારા કરવામાં આવેલ ફેરફારો |
|---|---|---|
| જૈવિક સંસાધનોની એક્સેસ | અધિનિયમ મુજબ ભારતમાં જૈવિક સંસાધનો અથવા સંબંધિત જ્ઞાન મેળવવા ઈચ્છતી કોઈપણ પરવાનગી લેવી જરૂરી છે અથવા તેના ઈરાદા વિશે નિયમનકારી અધિકારીને જાણ કરવી જરૂરી છે. | આ ખરડો એવી સંસ્થાઓ અને પ્રવૃત્તિઓના વર્ગીકરણમાં ફેરફાર કરે છે કે જેને માહિતી જરૂર હોય છે, જ્યારે અમુક કિસ્સાઓમાં છૂટ પણ આપવામાં આવી છે. |

| | | |
|---|---|---|
| બૌદ્ધિક સંપદા અધિકારો (IPR) માટે મંજૂરી | ભારતમાંથી મેળવેલા જૈવિક સંસાધનો અથવા પેટન્ટને સીલ કરતા IPR માટે અરજી કરતા પહેલા NBAની મંજૂરી જરૂરી છે. | અધિનિયમ સૂચવે છે કે IPRની વાસ્તવિક અનુદાન પહેલા મંજૂરીની જરૂર પડશે, અરજી પ્રક્રિયા દરમિયાન નહીં |
| લાભ વહેંચણી | NBAએ વિવિધ પ્રવૃત્તિઓ માટે મંજૂરી આપતી વખતે લાભ વહેંચણીની શરતો નક્કી કરવી જરૂરી છે. | આ બિલ સંશોધન, બાયો–સર્વે અને બાયો–ઉપયોગ દ્વારા લાભ વહેંચણીની આવશ્યકતાઓને દૂર કરે છે.<br>– NBA દ્વારા નિયમો અનુસાર સ્થાનિક એકમોને મંજૂરી આપતી વખતે SBB લાભની વહેંચણી નક્કી કરશે. |
| ફોજદારી દંડ | આ અધિનિયમ ચોક્કસ પ્રવૃત્તિઓ માટે મંજૂરી અથવા માહિતી ન મેળવવા જેવા ગુનાઓ માટે જેલ સહિત ફોજદારી દંડ લાદે છે. | આ અધિનિયમ ગુનાઓને અપરાધિક બનાવે છે અને તેના બદલે એક લાખથી 50 લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મહત્ત્વ

જૈવ વિવિધતા (સુધારા) બિલ, 2021 વર્ષ 2002ના અધિનિયમમાં નીચે મુજબનો સુધારો કરવા માંગે છે :

- સ્થાનિક કંપનીઓ માટે અનુપાલન જરૂરિયાતોને સરળ બનાવવું.
- ભારતીય દવા પ્રણાલી અને વન ઔષધિય વનસ્પતિઓની ખેતીને પ્રોત્સાહિત કરવી.
- સંશોધન, પેટન્ટ એપ્લિકેશન અને સંશોધન પરિણામોના સ્થળાંતરો માટેની પ્રક્રિયાઓના ઝડપી ટ્રેકિંગની સુવિધા આપવી.
- ગુનાઓને અપરાધિક બનાવવું.
- ક્ષેત્રમાં વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવું.

# ભારત-વિયેતનામ સંબંધો (India and Vietnam Relations)



તાજેતરમાં ભારતે વિયેતનામને સ્વદેશી રીતે નિર્મિત ઈન સર્વિસ મિસાઈલ કોર્વેટ INS Kirpan ભેટમાં આપી છે.

- આ સંરક્ષણ સહયોગને મજબૂત કરવા અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં વિયેતનામના 'પસંદગીનું સુરક્ષા ભાગીદાર' (Preferred Security Partner) તરીકેની તેની ભૂમિકાને મજબૂત કરવાની ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.
- INS Kirpan એ ખુકરી–ક્લાસ મિસાઈલ કોર્વેટ છે જે 12 જાન્યુઆરી, 1991ના રોજ ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવી હતી.
- ખુકરી–ક્લાસ કોર્વેટ્સ કિર્લોસ્કર ગ્રુપ દ્વારા લાયસન્સ હેઠળ ભારતમાં એસેમ્બલ કરાયેલા ડીઝલ એન્જિનોથી સજ્જ છે, જે જહાજના લગભગ 65% ભાગો સ્વદેશી છે.

## ભારત-વિયેતનામ સંબંધો

### ઐતિહાસિક પૃષ્ઠભૂમી

ભારતે વર્ષ 1956ની શરૂઆતમાં વિયેતનામના હનોઈમાં કોન્સલ જનરલ ઓફિસની સ્થાપના કરી હતી.

- ભારતે 1972માં વિયેતનામ સાથે સંપૂર્ણ રાજદ્વારી સંબંધો સ્થાપ્યા હતા.
- 1992માં ભારત અને વિયેતનામે તેલની શોધ, કૃષિ અને ઉત્પાદન સહિત વ્યાપક આર્થિક સંબંધો સ્થાપિત કર્યા હતા.
- જુલાઈ 2007માં બંને દેશો વચ્ચેના સંબંધો 'વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે' ઉન્નત થયા હતા.
- 2016માં દ્વિપક્ષીય સંબંધોને 'વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી'માં વધુ ઉન્નત કરવામાં આવ્યો હતો.
- વિયેતનામ ખાસ કરીને ઈન્ડો–પેસિફિક રાજનીતિ અને સુરક્ષામાં 'એક્ટ ઈસ્ટ પોલિસી'ને અનુસરવામાં ભારત માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર બન્યું છે.
- બંને દેશો વ્યૂહાત્મક હિતો ધરાવે છે. તેમાં ઊર્જા સુરક્ષા અને ખુલ્લા તથા સુરક્ષિત દરિયાઈ માર્ગોની સુરક્ષાનો સામનો થાય છે.
- આ ક્ષેત્રમાં ભારતની આર્થિક અને વ્યૂહાત્મક હાજરી વિસ્તરી રહી હોવાથી વિયેતનામ પણ તેની વ્યૂહાત્મક સ્વાયત્તતા વધારવા માગે છે.
- નિષ્ણાતો અનુસાર ભારત અને વિયેતનામ વચ્ચે સાંસ્કૃતિક અને આર્થિક સંબંધો બીજી સદીના છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આર્થિક સહકાર

મેકોંગ–ગંગા કોઓપરેશન (MGC)ના સભ્યો તરીકે ભારત અને વિયેતનામ ભારત અને દક્ષિણપૂર્વ એશિયાઈ રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને વધારવા અને વિકાસ સહયોગને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહ્યા છે.

- નાણાકીય વર્ષ 2021-22માં ભારત અને વિયેતનામ વચ્ચેના દ્વિપક્ષીય વેપારે 27%ની વૃદ્ધિ નોંધાવી હતી અને 14.14 બિલિયન અમેરિકન ડોલર સુધી પહોંચ્યો હતો.
- ભારત વિયેતનામના ટોચના 8માં વેપારી ભાગીદારોમાંનું એક છે. જ્યારે વિયેતનામ ભારતનું 15મું સૌથી મોટું વેપારી ભાગીદાર છે અને દક્ષિણપૂર્વ એશિયામાં ચોથું છે.

## ક્ષમતા નિર્માણ

ભારત વિયેતનામને ઈન્ડિયન ટેક્નિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (ITEC) હેઠળ તાલીમ કાર્યક્રમો અને શિષ્યવૃતિ પ્રદાન કરે છે.

- જે વિયેતનામના સામાજિક–આર્થિક વિકાસમાં યોગદાન આપે છે.

## રાજકીય પીઠબળ

ભારત અને વિયેતનામ UN અને WTO ઉપરાંત ASEAN, પૂર્વ એશિયા સમિટ, એશિયા યુરોપ મીટિંગ (ASEM) જેવા વિવિધ પ્રાદેશિક મંચોમાં નજીકથી સહયોગ કરે છે.

## સંરક્ષણ સહયોગ

સપ્ટેમ્બર 2014માં ભારતે વિયેતનામી બોર્ડર ગાર્ડ ફોર્સ માટે 12 હાઈ–સ્પીડ પેટ્રોલ બોટ ખરીદવા માટે 100 મિલિયનની ક્રેડિટ લાઈન (LOC) લંબાવી હતી.

- 2016માં વધારાની 500 મિલિયન સંરક્ષણ LOC વિયેતનામ સુધી વિસ્તૃત કરવામાં આવી હતી.
- ઉપરાંત 2030 તરફ ભારત–વિયેતનામ સંરક્ષણ ભાગીદારી અંગેના સંયુક્ત વિઝન સ્ટેટમેન્ટ પર જૂન 2022માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- VINBAX એ વિયેતનામ–ભારત દ્વિપક્ષીય આર્મી કવાયત છે.

## દરિયાઈ સુરક્ષા અને સહકાર

ભારત અને વિયેતનામ આંતરરાષ્ટ્રીય કાયદાઓ ખાસ કરીને UNCLOS અનુસાર નેવિગેશન અને ઓવરફ્લાઈટની સ્વતંત્રતા તેમજ રાષ્ટ્રીય પાણીમાં કાયદેસર વાણિજ્યનું સમર્થન કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિયેતનામ

વિયેતનામ એ દક્ષિણપૂર્વ એશિયામાં સ્થિત એક દેશ છે.

- જેની ઉત્તરમાં ચીન, ઉત્તરપશ્ચિમમાં લાઓસ, દક્ષિણપશ્ચિમમાં કાંબોડિયા અને પૂર્વમાં દક્ષિણ ચીન સમુદ્ર છે.
- તેની રાજધાની હનોઈ છે.
- વિયેતનામનું સૌથી મોટું શહેર હો ચી મિન્હ સિટી (અગાઉ સૈગોન તરીકે ઓળખાતુ હતું) છે.
- તેમના ચલણનું નામ વિયેતનામી ડોંગ છે.

## પૂર્વોત્તર-ક્ષેત્ર માટે પ્રધાનમંત્રી વિકાસ પહેલ (PM-Devine) યોજના



તાજેતરમાં કેન્દ્રીય પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલયે ઉત્તર પૂર્વીય ક્ષેત્ર માટે પ્રધાનમંત્રી વિકાસ પહેલ (Prime minister's Development Iniative for North East Region-PM Devine) યોજનાને અપડેટ કરી છે.

- નોર્થ ઈસ્ટર્ન રિજન (NER)માં વૃદ્ધિના અંતરને પૂરવા માટે કેન્દ્રીય બજેટ 2022-23માં PM-Devineની જાહેરાત કરવામાં આવી હતી.
- આ યોજનાને કેન્દ્રીય બજેટ 2022-23માં રૂ. 1500 કરોડની પ્રારંભિક ફાળવણી મળી હતી.

### PM-Divine યોજના

તે 100% કેન્દ્રીય ધિરાણ સાથે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.

- PM-Devine યોજનામાં 2022-23 થી 2025-26 (15મા નાણાપંચના સમયગાળાના બાકીના વર્ષો)ના ચાર વર્ષના સમયગાળામાં રૂ.6,600 કરોડનો ખર્ચ થશે.
- આ યોજના ઉત્તર–પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રાલય દ્વારા પૂર્વોત્તર પરિષદ અથવા કેન્દ્રીય મંત્રાલયો/એજન્સી દ્વારા અમલમાં મુકવામાં આવશે.
- આ યોજનાના ઉદ્દેશ નીચે મુજબ છે :

  (a) PM ગતિ શક્તિમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સમાવિષ્ટપણે ભંડોળ પૂરું પાડવું.

  (b) NER દ્વારા અનુભવાતી જરૂરિયાતોને આધારે સામાજિક વિકાસ પ્રોજેક્ટ્સને સમર્થન આપવું.

  (c) યુવાનો અને મહિલાઓ માટે આજીવિકાની પ્રવૃત્તિઓ સક્ષમ કરવી

  (d) વિવિધ ક્ષેત્રોમાં વૃદ્ધિના તફાવતને પૂરો કરવો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**1. તાજેતરમાં 'જૈવવિવિધતા (સુધારા) બિલ, 2021' (Biological Diversity (Amendment) Bill, 2021) લોકસભામાંથી પસાર કરવામાં આવ્યું હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

1. આ બિલ જૈવ વિવિધતા અધિનિયમ, 2002માં સુધારો કરવા માંગે છે.
2. આ બિલનો ઉદ્દેશ્ય સ્થાનિક કંપનીઓ માટે અનુપાલન જરૂરિયાતોને સરળ બનાવવાનો છે.
3. આ અધિનિયમ જૈવ વિવિધતા ક્ષેત્રે ગુનાઓને અપરાધિક બનાવે છે અને તેના બદલે એક લાખથી 50 લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કેર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

**2. તાજેતરમાં ભારતે કયા દેશને સ્વદેશી રીતે નિર્મિત ઈન–સર્વિસ મિસાઈલ કોર્વેટ INS Kirpan ભેટમાં આપી છે ?**

(A) બાંગ્લાદેશ (B) વિયેતનામ (C) કંબોડિયા (D) મલેશિયા **(B)**

**3.** 1. તે દક્ષિણપૂર્વ એશિયામાં સ્થિત એક દેશ છે.
2. તેની રાજધાની હનોઈ છે.

ઉપરોક્ત બંને વિધાનો નીચેના પૈકી કયા દેશ સાથે સુસંગત છે ?

(A) વિયેતનામ (B) મંગોલિયા (C) ઈન્ડોનેશિયા (D) કંબોડિયા **(A)**

**4. ઉત્તર પૂર્વીય ક્ષેત્ર માટેની 'PM-Devine' યોજના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**


1. PM-Devineનું પૂરું નામ 'Prime Minister's Development Iniative North East Region' છે.
2. તે 100% કેન્દ્રીય ધિરાણ સાથે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.
3. PM-Devine યોજનામાં 2022-23થી 2026-27ના પાંચ વર્ષના સમયગાળા માટે રૂ. 3,500 કરોડનો ખર્ચ થશે.
4. તેનો મુખ્ય ઉદ્દેશ PM ગતિશક્તિમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સમાવિષ્ટપણે ભંડોળ પૂરું પાડવું, NER દ્વારા અનુભવાતી જરૂરિયાતોને આધારે સામાજિક વિકાસ પ્રોજેક્ટ્સને સમર્થન આપવું, યુવાનો અને મહિલાઓ માટે આજીવિકાની પ્રવૃત્તિઓ સક્ષમ કરવી વગેરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 28 જુલાઈ, વિશ્વ હેપેટાઈટિસ દિવસ (World Hapatitis Day)




સમગ્ર વિશ્વમાં હેપેટાઈટિસની બીમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે 28 જુલાઈના રોજ 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- હેપેટાઈટિસ એ લિવરના ઈન્ફેક્શન સાથે સંકળાયેલી બીમારી છે.
- વર્ષ 2023ની વિશ્વ હેપેટાઈટિસ દિવસની થીમ 'One life, one liver' છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટમાં નવા ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્દઘાટન કર્યું



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 27 જુલાઈ, 2023ના રોજ રાજકોટના હીરાસર ખાતે નવા ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્દઘાટન કર્યુ હતું.

- આ પ્રસંગે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.
- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અન્ય વિકાસલક્ષી પહેલ અને KKV ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યુ હતું.

### રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટને હિરાસર એરપોર્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે.

- રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ રાજકોટ–અમદાવાદ હાઈવે પર સ્થિત હિરાસરમાં આવેલું છે.
- તે ગુજરાતનું પ્રથમ ગ્રીનફીલ્ડ એરપોર્ટ છે.
- 7 ઓક્ટોબર, 2017ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટ ઈન્ટરનેશનલ ગ્રીનફીલ્ડ એરપોર્ટના નિર્માણનું ભૂમિપૂજન કર્યુ હતું.
- આ ઈન્ટરનેશનલ એરપોર્ટ રૂ. 1405 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે.
- ટર્મિનલ બિલ્ડિંગ અને એરસાઈડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કુલ 2534 એકર જમીન વિસ્તારમાં ફેલાયેલું છે. જેમાં રનવે, એપ્રોન, સમાંતર ટેક્સી ટ્રેક વગેરેનું નિર્માણ સામેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે :
  (1) કુલ 2534 એકર જમીન વિસ્તારમાં ફેલાયેલું છે.
  (2) નવું ટર્મિનલ બિલ્ડીંગ 23000 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે.
  (3) આ બિલ્ડિંગ પીક અવર્સ દરમિયાન 2800 મુસાફરોને સેવા આપી શકે છે.
  (4) 3040 મીટરની લંબાઈ અને 45 મીટરની પહોળાઈ ધરાવતો ગુજરાતનો સૌથી વિશાળ રનવે છે.
  (5) ટર્મિનલ 20 ચેક–ઈન કાઉન્ટર અને 5 કન્વેયર બેલ્ટથી સજ્જ છે.
  (6) એરપોર્ટનું એપ્રોન 334 મીટર બાય 152 મીટરનું છે.
  (7) એપ્રોનમાં એક સાથે દસ (10) કોડ–સી પ્રકારના અને ચાર (4) કોડ–બી પ્રકારના વિમાનોનો કાફલો સમાવી શકે છે.
  (8) 14 વિમાનો એક સાથે પાર્ક થઈ શકે તેવી સુવિધા
  (9) 700 મીટર રનવેની નીચે એશિયાની સૌથી મોટી વોટર ટનલ.
- રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટના સૌથી પ્રશંસનીય પાસાઓ પૈકીનું એક તેની ટકાઉપણું અને પર્યાવરણીય જવાબદારી પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે.
- ટર્મિનલ બિલ્ડિંગે પ્રતિષ્ઠિત GRIHA-4 અનુપાલન રેટિંગ મેળવ્યું છે, જે સંકલિત હાઉસિંગ એસેસમેન્ટ સ્ટાન્ડર્ડ્સને ગ્રીન રેટિંગનું પાલન સૂચવે છે.
- નવી ટર્મિનલ બિલ્ડિંગમાં ડબલ ઈન્સ્યુલેટેડ રૂફિંગ સિસ્ટમ, સ્કાયલાઈટ્સ, LED લાઈટિંગ અને ઓછી હીટ ગેઈન ગ્લેઝિંગ, ઊર્જા કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા અને પર્યાવરણીય અસર ઘટાડવા જેવી વિવિધ ટકાઉ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- અહીં વરસાદી પાણી ભરવાની કોઈ સમસ્યા થશે નહીં. કારણ કે એરપોર્ટ નીચે 700 મીટર લાંબી લાઈનો નાખી છે.
- આગામી ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ એરપોર્ટ તૈયાર કરાયું છે.

## સાંસ્કૃતિક અને કલા

આ એરપોર્ટના ટર્મિનલની ડિઝાઈન રાજકોટના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાથી વિચારીને પ્રેરિત કરવામાં આવી છે.

- આ આર્કિટેક્ચર શહેરની કલાત્મક ગતિશીલતા સાથે પડઘો પાડે છે, જે ગતિશીલ બાહ્ય અગ્રભાગ અને ભવ્ય આંતરિક દ્વારા લિપ્પન કલાથી દાંડિયા નૃત્ય સુધીના પ્રદેશના કલા સ્વરૂપોનું પ્રદર્શન કરે છે.
- આ કલાત્મક સ્પર્શ એરપોર્ટમાં એક અનોખો આકર્ષણ ઉમેરે છે, જે તેને સાંસ્કૃતિક ગૌરવનું પ્રતિક બનાવે છે.

### મહત્ત્વ

ઉડ્ડયન ઉદ્યોગની વધતી જતી માંગને પહોંચી વળવા હિરાસર ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું નિર્માણ અને વિકાસ કરવામાં આવ્યો છે.

- આ એરપોર્ટ રાજકોટમાં સ્થાનિક ઓટોમોબાઈલ ઉદ્યોગના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે તેવી અપેક્ષા છે.
- વધુમાં તે સમગ્ર ગુજરાતમાં વેપાર, પ્રવાસન, શિક્ષણ અને ઔદ્યોગિક ક્ષેત્રોને પ્રોત્સાહિત કરશે અને એકંદરે આર્થિક સમૃદ્ધિને પ્રોત્સાહન આપશે.

**નોંધ :** અમદાવાદ, સુરત અને વડોદરા પછી રાજકોટમાં આ ચોથું ગુજરાતનું ઈન્ટરનેશનલ એરપોર્ટ છે.

### ગ્રીનફિલ્ડ એરપોર્ટ શું છે ?

ગ્રીનફિલ્ડ એરપોર્ટ એ એક એવું એરપોર્ટ છે જે અવિકસિત જમીન પર શરૂઆતથી બનાવવામાં આવ્યું છે.

- જ્યાં ભૂતકાળમાં કોઈ કામ કરવામાં આવ્યું નથી.
- આ એરપોર્ટ હાલના એરપોર્ટ પરની ભીડને ઘટાડવા બનાવવામાં આવ્યું છે.
- સામાન્ય રીતે તે શહેરથી વધુ અંતરે હોય છે અને પર્યાવરણીય અસરને ખાસ ધ્યાનમાં લેવામાં આવે તે રીતે બાંધવામાં આવે છે.

## ભારત મંડપમ (Bharat Mandapam)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે 'આંતરરાષ્ટ્રીય પ્રદર્શન–કમ–કન્વેન્શન સેન્ટર' (IECC) સંકુલનું ઉદ્ઘાટન કર્યું હતું.

- જેને 'ભારત મંડપમ' (Bharat Mandapam) નામ આપવામાં આવ્યું છે.
- રૂ. 2700 કરોડના અંદાજિત ખર્ચે રાષ્ટ્રીય પ્રયાસ તરીકે વિકસાવવામાં આવેલ આ સ્મારક પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ભારતને વૈશ્વિક વ્યાપાર સ્થળ તરીકે પ્રદર્શિત કરવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.
- IECC કોમ્પ્લેક્સ લગભગ 123 એકરના વ્યાપક કેમ્પસ વિસ્તારમાં ફેલાયેલું છે, જે તેને ભારતનું સૌથી મોટી સભાઓ, પ્રોત્સાહનો, સંમેલનો અને પ્રદર્શનો (MICE) સ્થળ બનાવે છે.
- સંમેલન કેન્દ્ર અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે જેમાં બહુવિધ મીટિંગ રૂમ, લાઉન્જ, ઓડિટોરિયમ અને એક એમ્ફીથિયેટરનો સમાવેશ થાય છે.
- જે મોટા પાયે આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો, વેપાર મેળાઓ, પરિષદો અને પ્રતિષ્ઠિત કાર્યક્રમોનું આયોજન કરવા માટે રચાયેલ છે.
- કન્વેન્શન સેન્ટરના મલ્ટી પર્પઝ હોલ અને પ્લેનરી હોલમાં સાત હજાર લોકોની અદભૂત બેઠક ક્ષમતા છે, જે ઓસ્ટ્રેલિયાના પ્રખ્યાત સિડની ઓપેરા હાઉસને પણ વટાવી જાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 જુલાઈ (B) 27 જુલાઈ (C) 28 જુલાઈ (D) 29 જુલાઈ

(C)

2. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટના કયા સ્થળે નવા 'ઈન્ટરનેશનલ એરપોર્ટ'નું ઉદ્દઘાટન કર્યુ છે ?

(A) સરધાર (B) નવાગામ

(C) હિરાસર (D) ખંઢેરી

(C)

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટના હીરાસર ખાતે નવા ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્દઘાટન કર્યુ હતું. આ એરપોર્ટ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ એરપોર્ટને હિરાસર એરપોર્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે. તથા આ ગ્રીનફિલ્ડ એરપોર્ટ છે.
2. તે કુલ 2534 એકર જમીન વિસ્તારમાં ફેલાયેલું છે.
3. અહીં રનવે નીચે વોટર ટનલ નાખવામાં આવી છે.
4. અહીં એક સાથે 42 વિમાનો પાર્ક થઈ શકે તેવી સુવિધા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

(B)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે 'આંતરરાષ્ટ્રીય પ્રદર્શન – કમ – કન્વેન્શન સેન્ટર' (IECC) સંકુલનું ઉદ્દઘાટન કર્યુ છે. જેને શું નામ આપવામાં આવ્યું છે ?

(A) અટલ મંડપમ (Atal Mandapam)

(B) દિલ્હી મંડપમ (Delhi Mandapam)

(C) ભારત મંડપમ (Bharat Mandapam)

(D) વિશ્વમ્ મંડપમ (Visvam Mandapam)

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 29 જુલાઈ, આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ (International Tiger Day)

સમગ્ર વિશ્વમાં વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 29 જુલાઈના રોજ 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2010માં રશિયાના સેન્ટ પિટર્સબર્ગ નામના શહેરમાં યોજાયેલી 'Tiger Summit'માં આ દિવસની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.


## All India Tiger Estimation Report 2022 (વાઘ વસતી ગણતરી 2022)

આ રિપોર્ટ અનુસાર ભારતમાં વાઘની સંખ્યા 3,167 છે.

- વર્ષ 2018 થી વર્ષ 2022 સુધીમાં વાઘની સંખ્યામાં 200નો વધારો થયો છે.
- વર્ષ 2014-2018 દરમિયાન તેમનો વિકાસ દર લગભગ 33% હતો, જે વર્ષ 2018 થી 2022 દરમિયાન ઘટીને 6.7% થયો છે.
- શિવાલિક ટેકરીઓ અને ગંગાના મેદાનોમાં વાઘની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.
- જ્યારે ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ અને તેલંગાણામાં ઘટાડો જોવા મળ્યો છે.
- ઉત્તરપૂર્વીય પર્વતીય વિસ્તારો અને બ્રહ્મપુત્રાના મેદાનમાં 194 વાઘોને કેમેરામા ટ્રેપ કરવામાં આવ્યા હતા અને નીલગીરી ક્લસ્ટરમાં વૈશ્વિક સ્તરે સૌથી વધુ વાઘ છે.
- નવીનતમ વિશ્લેષણ દર્શાવે છે કે પશ્ચિમ ઘાટમાં વાઘની સંખ્યામાં ઘટાડો થયો છે.
- સિમલીપાલમાં વાઘની આનુવંશિક રીતે અનન્ય અને વિરલ વસતીને પણ ઉચ્ચ સંરક્ષણ અગ્રતા તરીકે પ્રકાશિત કરવામાં આવી છે.
- રિપોર્ટમાં અલગ-અલગ વસતીની સાથે ટકાઉ વિકાસ જાળવવા માટે વૈશ્વિક વાઘ સંરક્ષણ તકનીકોની ભલામણ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®






## દરેક લેન્ડસ્કેપમાં કેપ્ચર કરાયેલ વાઘની સંખ્યા

| લેન્ડસ્કેપ | કેમેરામાં ટ્રેપ કરાયેલ વાઘની સંખ્યા |
|---|---|
| શિવાલિક ટેકરીઓ અને ગંગાના મેદાનો | 804 |
| મધ્યભારત અને પૂર્વીય ઘાટ ક્ષેત્ર | 1,161 |
| પશ્ચિમ ઘાટ | 824 |
| ઉત્તરપૂર્વીય પ્રદેશો અને બ્રહ્મપુત્રાના મેદાનો | 194 |
| સુંદરવન લેન્ડસ્કેપ | 100 |

## ભારતમાં વાઘની સંખ્યા

ભારતમાં વર્ષ 2014માં વાઘની સંખ્યા 2,226 હતી.

- જે વધીને વર્ષ 2018માં 2,967 અથવા તો અંદાજે 3,000 જેટલી થઈ હતી, જે સમગ્ર વિશ્વમાં સૌથી વધુ હતી.
- ત્યારબાદ વર્ષ 2022માં વાઘની સંખ્યા 3,167 થઈ છે.

### ભારતમાં વાઘની સંખ્યા

| ક્રમ | વર્ષ | અંદાજિત સંખ્યા |
|---|---|---|
| 1 | 2006 | 1411 |
| 2 | 2010 | 1706 |
| 3 | 2014 | 2226 |
| 4 | 2018 | 2967 અથવા 3000 |
| 5 | 2022 | 3167 |

**નોંધ :** (1) વાઘ વસતી ગણતરી રિપોર્ટ 2022 અનુસાર ભારતમાં વાઘની સંખ્યા 3167 હતી. જ્યારે વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા ડેટા વિશ્લેષણ મુજબ વાઘની વસતીની ઉપલી મર્યાદા 3925 હોવાનો અંદાજ છે અને સરેરાશ સંખ્યા 3682 વાઘ છે, જે વાર્ષિક 6.1 ટકાના પ્રશંસનીય વાર્ષિક વૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે.

(2) તાજેતરના વાઘ અંદાજ કવાયત મુજબ 785 વાઘ સાથે મધ્યપ્રદેશ ભારતનું અગ્રણી વાઘ રાજ્ય છે.

(3) વર્ષ 2010માં સેંટ પિટર્સબર્ગ સંમેલનમાં 2022 સુધીમાં વાઘોની સંખ્યા બમણી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. જે ભારતે વર્ષ 2018માં જ પૂરું કર્યુ હતું.

(4) દર ચાર વર્ષે વાઘની વસતી ગણતરી કરવામાં આવે છે.

(5) નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) રાજ્યના વન વિભાગો, સંરક્ષણ NGO અને વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII) સાથે ભાગીદારીમાં વાઘની વસતી ગણતરી કરે છે.

(6) વર્ષ 2018ના રિપોર્ટ અનુસાર ભારતના રાજ્યોમાં સૌથી વધુ વાઘ મધ્યપ્રદેશમાં હતા. ત્યારબાદ કર્ણાટક બીજા અને ઉત્તરાખંડ ત્રીજા ક્રમે હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ગુજરાતમાં 'Semicon India 2023'નું આયોજન




તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી અને ટેક્નોલોજી રાજ્ય મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખરની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સેમિકોન ઈન્ડિયા 2023 અંતર્ગત આયોજિત પ્રદર્શનનું ઉદઘાટન કર્યુ હતું.

- ગાંધીનગરમાં આયોજિત આ ઈવેન્ટ સેમિકન્ડકટર ક્ષેત્રે ભારતની નોંધપાત્ર પ્રગતિ દર્શાવવા અગ્રણી કંપનીઓ, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગના દિગ્ગજોને સાથે લાવવાનું પ્લેટફોર્મ પ્રદાન કરે છે.
- ફોક્સકોન, માઈક્રોન, AMD, IBM, માર્વેલ, વેદાંત, LAM રિસર્ચ, NXP સેમિકન્ડકટર્સ અને STMIcroelectronics એ કેટલાક પ્રતિષ્ઠિત સહભાગીઓ છે. જે સેમિકોન ઈન્ડિયા 2023ને અનુમોદન આપશે.
- તેમની હાજરી સમિટના મહત્ત્વને રેખાંકિત કરે છે, કારણ કે તે વિશ્વવ્યાપી સેમિકન્ડકટર મેન્યુફેક્ચરિંગ અને ડિઝાઈન ઈકોસિસ્ટમને પૂરું પાડવામાં ભારતની ઝડપી પ્રગતિને દર્શાવે છે.
- આ પહેલ સ્થાનિક સેમિકન્ડકટર ચિપ ઉત્પાદન ક્ષેત્રની અંદર ઝડપી અને સર્વસમાવેશક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાની અપાર સંભાવના ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






| | | | | | |
|---|---|---|---|---|---|
| **1.** | 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? | | | | |
| | (A) 27 જુલાઈ | (B) 28 જુલાઈ | (C) 29 જુલાઈ | (D) 30 જુલાઈ | (C) |
| **2.** | વાઘ વસતી ગણતરી 2022 અનુસાર ભારતમાં વાઘની સંખ્યા કેટલી છે ? | | | | |
| | (A) 2,167 | (B) 3,167 | (C) 4,167 | (D) 5,167 | (B) |

**3.** ભારતના રાષ્ટ્રીય પ્રાણી વાઘ સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. તેનું વૈજ્ઞાનિક નામ પેન્થરા ટાઈગ્રીસ છે.
2. તે બિલાડીકૂળની સૌથી મોટી પ્રજાતી છે અને પેન્થેરા જીનસનું સભ્ય છે.
3. વાઘ, સિંહ, દિપડા તથા ચિત્તા પૈકી સૌથી ભારે વજનદાર પ્રાણી વાઘ છે.
4. વાઘની 'અમુરવાઘ' નામની પ્રજાતિ રશિયા, ચીન અને ઉત્તર કોરિયાના અમુરનદીના પ્રદેશમાં જોવા મળે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**4.** તાજેતરમાં કયા સ્થળે 'Semicon India 2023'નું આયોજન થયું હતું ?

(A) ગાંધીનગર (B) લખનૌ (C) જયપુર (D) દિલ્હી **(A)**



અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **બાયોટેક સેક્ટરમાં રોકાણ માટે 15 કંપનીઓએ એક દિવસમાં રૂ. 2000 કરોડના MoU પર હસ્તાક્ષર કર્યા**



19 જુલાઈના રોજ ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં બાયોટેકનોલોજી પોલિસીના હિતધારકોએ રાજ્યોના બાયોટેક્નોલોજી ક્ષેત્રમાં નવા રોકાણો માટે એક જ દિવસમાં રૂ. 2000 કરોડના MoU પૂર્ણ કરીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્ય સરકાર વતી સાયન્સ ટેક્નોલોજી સચિવ શ્રી વિજય નેહરાએ MoU પર હસ્તાક્ષર કર્યા હતા. આ MoUના પરિણામે આગામી બાયોટેક ઈન્ડસ્ટ્રીઝમાં અંદાજે 3000 નોકરીઓનું સર્જન થવાની તૈયારીમાં છે તેના પર કુલ 15 કંપનીઓ દ્વારા સહી કરવામાં આવી હતી. જેમાં 13 ગુજરાતની, એક મહારાષ્ટ્રની અને એક દિલ્હીની હતી. રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય ગુજરાતને બાયોટેકનોલોજી ક્ષેત્રે સંશોધન અને વિકાસ, રોજગાર સર્જન અને શૈક્ષણિક અભ્યાસક્રમો માટે વિશ્વ કક્ષાની સુવિધાઓ પ્રદાન કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **MAHSR કોરિડોર પ્રોજેક્ટ**



મુંબઈ–અમદાવાદ હાઈ–સ્પીડ રેલ (MAHSR) કોરિડોર પ્રોજેક્ટના વિકાસ સાથે ભારતનું પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર દરિયાઈ પરિવર્તનનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. આ મહત્વાકાંક્ષી પ્રયાસ રેલ મુસાફરીમાં ક્રાંતિ લાવવા બે મોટા શહેરો વચ્ચે કનેક્ટિવિટી અને કાર્યક્ષમતા વધારવાનું વચન આપે છે. મુંબઈ–અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટનો હેતુ મુંબઈ અને અમદાવાદના વ્યસ્ત શહેરો વચ્ચે હાઈ–સ્પીડ રેલ લિંક સ્થાપિત કરવાનો છે. 508 કિ.મી.ના કુલ અંતરને આવરી લેતો કોરિડોર બે મેગા શહેરો વચ્ચે મુસાફરીના સમયને નોંધપાત્ર રીતે ઘટાડવા વધુ સારી કનેક્ટિવિટી અને મુસાફરો માટે સુલભતાને પ્રોત્સાહન આપવા માંગે છે.

## ➤ JJM ડિજિટલ એકેડેમી




JJM ડિજિટલ એકેડેમી એ એક ગ્રાઉન્ડ બ્રેકિન્ગ પહેલ છે જેનો હેતુ ડિજિટલ ટેક્નોલોજીની શક્તિનો ઉપયોગ કરીને ભારતમાં પાણી પુરવઠા ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનો છે. નવી દિલ્હીમાં 21 અને 22 જુલાઈના રોજ બે દિવસીય રાષ્ટ્રીય પરિષદ દરમિયાન પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ તથા ઈકો ઈન્ડિયા વચ્ચેના MoUના આદાનપ્રદાન દ્વારા આ નવીન પ્રોજેક્ટની સ્થાપના કરવામાં આવી હતી. JJM ડિજિટલ એકેડેમીનું પ્રાથમિક ધ્યાન પાણી પુરવઠા કાર્યક્રમોમાં સામેલ વિવિધ હિસ્સેદારોની ક્ષમતાનું નિર્માણ કરવાનો છે. એકેડેમીનો હેતુ સમગ્ર દેશમાં પાણી પુરવઠાની પહેલની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા માટે વહીવટકર્તાઓ, ઈજનેરો, પંચાયત કાર્યકર્તાઓ, ટેકનિશિયનો, સ્વચ્છતા કાર્યકરોને જરૂરી જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મેરી માટી મેરા દેશ અભિયાન




ભારત સરકારે આઝાદીના 75 વર્ષની ઉજવણી કરતા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે 'મેરી માટી મેરા દેશ' અભિયાન શરૂ કર્યું છે. દેશના વિવિધ ભાગોમાંથી એકત્રિત કરવામાં આવેલી માટીનો ઉપયોગ દિલ્હીમાં કર્તવ્ય પથના કિનારે અમૃત વાટિકા ગાર્ડનને વિકસાવવા માટે કરવામાં આવશે. પંચાયત અને ગામથી લઈને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વોચ્ચ બલિદાન આપનાર બહાદુરોના નામ સાથે શિલાફલકમ (સ્મારક તકતી) સ્થાપિત કરવામાં આવશે. દેશ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા દર્શાવતા નાગરિકો દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવશે. 'વસુધા વનધન' અંતર્ગત દરેક ગ્રામ પંચાયત અથવા ગામમાં દેશી પ્રજાતિઓના 75 રોપાઓ વાવવામાં આવશે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને દિવંગત સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોના સન્માન માટે 'વીરોં કા વંદન'નું આયોજન કરવામાં આવશે.

### ➤ હેલી સમિટ 2023 અને UDAN 5.2




તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે મધ્યપ્રદેશના ખજુરાહોમાં હેલી સમિટ 2023 અને UDAN 5.2નું ઉદ્ઘાટન કર્યુ હતું. જેમાં હેલિકોપ્ટર અને નાના એરક્રાફ્ટ દ્વારા પ્રાદેશિક જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. મધ્યપ્રદેશ સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય, પવન હંસ લિમિટેડ અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) દ્વારા સંયુક્ત રીતે આયોજિત હેલી સમિટ 2023 હેલિકોપ્ટર અને નાના એરક્રાફ્ટ દ્વારા પ્રાદેશિક જોડાણ પર ભાર મૂકે છે. UDAN 5.2નો ઉદ્દેશ્ય દૂરસ્થ અને સ્થાનિક વિસ્તારોમાં નાના એરક્રાફ્ટ (કેટેગરી 1A< 9 સીટો અને કેટેગરી 1< 20 સીટ) સાથે છેલ્લા માઈલની કનેક્ટિવિટી હાંસલ કરવાનો છે. UDAN 5.2 વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF)ને વધારે છે અને એક્સેસ વધારવા માટે ભાડાની મર્યાદા ઘટાડે છે.

### ➤ મહાદેઈ વન્યજીવ અભયારણ્ય



તાજેતરમાં વાઘ સંરક્ષણ પ્રયાસો માટે નોંધપાત્ર વિકાસમાં બોમ્બે હાઈકોર્ટની ગોવા બેન્ચે ગોવા સરકારને 24 જુલાઈ, 2023થી ત્રણ મહિનાની અંદર મહાદેઈ વન્યજીવ અભયારણ્ય અને તેની આસપાસના વિસ્તારોને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972 હેઠળ વાઘ અનામત તરીકે સૂચિત કરવાનો નિર્દેશ જારી કરવામાં આવ્યો છે. મહાદેઈ વન્યજીવ અભયારણ્ય ગોવાના ઉત્તર ભાગમાં વાલ્પોઈ શહેરની નજીક સાંગુએત તાલુકામાં આવેલું છે તેમાં વઝરા સકલા ધોધ અને વિરડી ધોધ સહિતના મનોહર ધોધનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ મેરા ગાંવ મેરી ધરોહર (MGMD) પહેલ

27 જુલાઈના રોજ ભારતના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ‘મેરા ગાંવ મેરી ધરોહર’ (MGMD) નામની મહત્વપૂર્ણ પહેલનું ઉદ્ઘાટન કર્યુ હતું. આ પ્રોજેક્ટ સંસ્કૃતિ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો છે અને તેનો હેતુ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભારતના 6.5 લાખ ગામડાંઓનું સાંસ્કૃતિક મેપિંગ કરવાનો છે. આ પહેલ અને રાષ્ટ્રીય સાંસ્કૃતિક મિશન હેઠળ સંસ્કૃતિ મંત્રાલય દ્વારા સંચાલિત અખંડ ભારતનો પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ એક વ્યાપક વર્ચ્યુઅલ પ્લેટફોર્મ બનાવવાનો પ્રયાસ કરે છે જે લોકોને ભારતના ગામડાંઓની વિવિધ સાંસ્કૃતિક વારસા સાથે જોડશે. મેરા ગાંવ મેરી ધરોહર પાછળનો મૂળ વિચાર ભારતના સાંસ્કૃતિક વારસા માટે પ્રશંસા અને ગર્વની ભાવના કેળવવાનો છે.

## વિશ્વ

➤ **લિયોન માર્ચન્ડ (Leon Marchand)**




જાપાનમાં વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં રોમાંચક વિકાસમાં 21 વર્ષીય લિયોન માર્ચેન્ડે 400 મીટર વ્યક્તિગત મેડલમાં સુપ્રસિદ્ધ અમેરિકન સ્વિમર માઈકલ ફેલ્પ્સનો અંતિમ વ્યક્તિગત રેકોર્ડ તોડીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. લિયોન માર્ચેન્ડે 400 મીટર વ્યક્તિગત મેડલમાં 4 મિનિટ અને 2.50 સેકન્ડના સમય સાથે નવો વિક્રમ સ્થાપ્યો હતો.

➤ **Talisman Sabre Exercises 2023**



ઓસ્ટ્રેલિયા અને અમેરિકાએ સંયુક્ત લશ્કરી કવાયત 'તાલીસમેન સાબ્રે' શરૂ કરી છે, જે 30000થી વધુ સૈનિકો અને અન્ય 11 દેશોના સહભાગીઓ સાથે સંકળાયેલી બળ અને એકતાનો વિશાળ પ્રદર્શન છે. Talisman Sabre કવાયત સૌપ્રથમ 2005માં યોજાઈ હતી. તે સૈન્ય સહકારને મજબૂત કરવા અને સહયોગી રાષ્ટ્રો વચ્ચે તત્પરતા વધારવા માટે રચાયેલ છે. આ વર્ષે જર્મની ઈન્ડો–પેસિફિકમાં તેની હાજરીને મજબૂત કરવા 210 પેરાટ્રુપર્સ અને મરીન મોકલીને પ્રથમ વખત જોડાયું હતું. વધુમાં ભારત, ફિલિપાઈન્સ, સિંગાપોર અને થાઈલેન્ડ નિરીક્ષક તરીકે ભાગ લેશે અને કવાયત પર પ્રાદેશિક પરિપ્રેક્ષ્ય ઉમરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®





1. તાજેતરમાં............ના થુથુકુડી જિલ્લાના અથુર સોપારી પાનને GI ટેગ આપવામાં આવ્યો છે. – તમિલનાડુ
2. 'World Drowing Prevention Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 25 જુલાઈ
3. તાજેતરમાં ગુજરાતના એક ખેલાડી શ્રી રુશ કલારિયાએ નિવૃત્તિ જાહેર કરી છે. તે કઈ રમત સાથે સંકળાયેલ છે ? – ક્રિકેટ
4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ટંકાઈ પદ્ધતિ' (Tankai Method) કઈ પ્રક્રિયા સાથે સંબંધિત છે ? – જહાજ નિર્માણ
5. કયા ભારતીય રાજ્યએ 'સસ્ટેનેબલ લાઈવસ્ટોક ટ્રાન્સફોર્મેશન પર ઈન્ટરનેશનલ સિમ્પોઝિયમ'નું આયોજન કર્યું હતું ? – ગુજરાત
   (તેનું ઉદઘાટન કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પરસોત્તમ રૂપાલાએ કર્યું હતું. આણંદમાં NDDB ખાતે તેનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.)
6. તાજેતરમાં કયા રાજ્યએ લઘુત્તમ બાંયધારીકૃત આવક બિલ, 2023ને મંજૂરી આપી છે ? – રાજસ્થાન
7. તાજેતરમાં શ્રી સાત્વિક સાઈરાજ રંકી રેડ્ડી અને શ્રી ચિરાગ શેટ્ટીએ કોરિયા ઓપન મેન્સ ડબલ્સ ટાઈટલ જીત્યું હતું. તેઓ કઈ રમત સાથે સંકળાયેલ છે ? – બેડમિન્ટન
8. તાજેતરમાં ચર્ચામાં રહેલ અકીરા શું છે ? – રેન્સમવેર વાયરસ
   (તાજેતરમાં અકીરા નામનો ખતરનાક ઈન્ટરનેટ રેન્સમવેર વાયરસ તેની દૂષિત પ્રવૃત્તિઓને કારણે હેડલાઈન્સ બનાવી રહ્યો છે. આ વાયરસ વ્યક્તિગત માહિતી અને ડેટાને એન્ક્રિપ્ટ કરવા માટે રચાયેલ છે.)
9. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) અનુસાર વર્તમાન નાણાકીય વર્ષ માટે વૃદ્ધિનું અનુમાન શું છે ? – 6.4%
10. એશિયન સર્ફિંગ ચેમ્પિયનશિપ 2023નું આયોજન કયા દેશે કર્યું હતું ? – માલદીવ
11. FIFA મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ 2023ની યજમાની કયો દેશ કરી રહ્યો છે ? – ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ
12. કઈ ટેક્નોલોજી કંપનીએ 'CM3LEON' નામના જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડલનું અનાવરણ કર્યું છે ? – મેટા
13. તાજેતરમાં કયા દેશે 'ગેરકાયદે સ્થળાંતર બિલ' પસાર કર્યું છે ? – યુકે
14. તાજેતરમાં સમાચારમાં રહેલ જ્ઞાનવાપી મસ્જિદ કયા રાજ્યમાં છે ? – ઉત્તરપ્રદેશ
15. કયા શહેરે 'ગ્રામીણ વોશ પાર્ટનર્સ ફોરમ પર રાષ્ટ્રીય પરિષદ'નું આયોજન કર્યું હતું ? – નવી દિલ્હી
16. કયા કેન્દ્રીય મંત્રાલયે 'Yes-Tech Manual' અને 'Winds પોર્ટલ' શરૂ કર્યું છે ? – કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**17.** કઈ સંસ્થાએ શાળાઓને ભારતીય ભાષાઓને શિક્ષણના માધ્યમ તરીકે ધ્યાનમાં લેવા જણાવ્યું છે ? – CBSE

**18.** ઉડ્ડયન ઉદ્યોગના નિયમનકાર DGCAએ કઈ એરલાઈનને ફલાઈટ્સ ફરી શરૂ કરવા માટે શરતી મંજૂરી આપી છે ?
– ગો ફર્સ્ટ

**19.** ONDCએ કોની મદદથી વેપારીઓ માટે ONDC એકેડેમી નામની લર્નિંગ એકેડેમી શરૂ કરી છે ?
– નેશનલ સ્ટોક એક્સચેન્જ

**20.** કયા કેન્દ્રીય મંત્રાલયે 'આપત્તિ વ્યવસ્થાપન માટે મેન્યુઅલ' બહાર પાડયું છે ? – જળ શક્તિ મંત્રાલય

**21.** તાજેતરમાં કઈ યુનિવર્સિટીમાં વીર સાવરકર ચેર–અધ્યન અને સંશોધન કેન્દ્રનું લોકાર્પણ કર્યુ છે ?
– સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**22.** ઈન્ટરનેટ રેન્સમવેર વાયરસનું નામ શું છે જેના સંદર્ભમાં CERT-IN એડવાઈઝરી જારી કરી છે ? – અકીરા

**23.** તાજેતરમાં ચર્ચામાં રહેલ હિંડન નદી કઈ નદીની ઉપનદી છે ? – યમુના

**24.** એશિયન ડેવલપમેન્ટ બેંક કયા રાજ્યના રસ્તાઓને સુધારવા માટે 295 મિલિયન ડોલરની લોન આપશે ?
– બિહાર

**25.** 8મી ભારત–ઓસ્ટ્રેલિયા પોલિસી ડાયલોગ (DPT)............માં યોજાઈ હતી ? – કેનબેરા, ઓસ્ટ્રેલિયા

**26.** JUPITER-3 નામના ઉપગ્રહને..............દ્વારા લોન્ચ કરવામાં આવશે. – SpaceX

**27.** તાજેતરમાં............ના વૈજ્ઞાનિકો અવકાશમાં અનિચ્છનીય રેડિયો ફ્રીકવન્સી ઈન્ટરફેન્સ (RFI) સાથે કામ કરવા માટે સ્ટારફાયર નામનું અલ્ગોરિધમ વિકસાવ્યું છે. – રમણ સંશોધન સંસ્થા (RRI)

**28.** તાજેતરમાં એશિયન યુથ અને જુનિયર વેઈટલિફિટંગ ચેમ્પિયનશિપ 2023નું ઉદ્દઘાટન.........દ્વારા કરવામાં આવ્યું હતું. – ગૌતમ બુદ્ધ યુનિવર્સિટી, ગ્રેટર નોઈડા

**29.** નાસાએ તાજેતરમાં જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ(JWST)માંથી એક ઉચ્ચ–રિઝોલ્યુશન ઈમેજ બહાર પાડી છે જેમાં બે સક્રિય રીતે રચાતા તારાઓ દર્શાવવામાં આવ્યા છે. જે...........તરીકે ઓળખાય છે. – હર્બિંગ–હારો 46/47

**30.** તાજેતરમાં સમાચારમાં રહેલ 'ભાયખલા રેલવે સ્ટેશન' કયા રાજયમાં આવેલું છે ? – મહારાષ્ટ્ર

**31.** ભારત કયા દેશ સાથે ઈનોવેશન પ્લેટફોર્મ સ્થાપિત કરવા જઈ રહ્યું છે ? – સ્વિત્ઝર્લેન્ડ

**32.** તાજેતરમાં થયેલા એક અભ્યાસ મુજબ આબોહવા પરિવર્તન સંભવિતપણે કયા ભારતીય રાજ્યને પાણીની અછતવાળા રણમાં ફેરવી શકે છે ? – પંજાબ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 'ICE MAGIC' વિશે વાચકોના મંતવ્ય આવકાર્ય

## વિનય દસાડિયા (રાજકોટ)

સૌથી પહેલા તો હું ICE RAJKOTનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. જે કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાનો મહત્ત્વનો ભાગ કહી શકાય એવા કરંટ અફેર્સ જેવા અતિ અગત્યના ટોપીક માટેનું અદ્દભૂત અને જીણવટપૂર્વકની માહિતી ધરાવતુ ICE MAGIC કરંટ અફેર્સ મેગેઝિન તમામ વિદ્યાર્થીઓ માટે પૂરું પાડે છે....... અને એ પણ નિઃશુલ્ક.....!

હું છેલ્લા ઘણાં સમયથી તૈયારી કરી રહ્યો છું અને કરંટ અફેર્સ માટે ICE MAGIC હંમેશા મારા માટે પ્રથમ પ્રાયોરિટી રહ્યું છે.

ICE MAGICની ભાષા એકદમ સરળ અને સચોટ છે જે તમામ વિદ્યાર્થીઓને યાદ રાખવા માટે સહેલું બની જાય છે. અને કોઈપણ બાબતની તમામ માહિતી પૂરી પાડે છે એ પણ બહુ મહત્ત્વ વાત છે.

**Thank you ICE RAJKOT**

## રાહુલસિંહ રાજપુત (ડિસા, બનાસકાંઠા)

હું પહેલા કરંટ અફેર્સ માટે બીજા સોર્સ ઉપયોગ કરતો હતો અને વાંચવામાં તકલીફ પડતી હતી અને રિવિઝન કરવામાં પણ તકલીફ પડતી હતી. એક દિવસ હું ઝેરોક્ષ કરાવવા ગયો ત્યારે લોકો ICE MAGIC માંગતા હતા.... મને થયું કે આ શું છે.... પછી મે આ કરંટ અફેર્સ જોયું અને તેમના રિવ્યુ લીધા.... પછી મને થયું હું ઘણી મહેનત કરું છું પણ કરંટ અફેર્સ બાબતે ખોટા રસ્તે છું..... મે ICE MAGIC કરંટ અફેર્સ વાંચવાનું ચાલુ કર્યુ અને વાંચવામાં ખૂબ જ મજા આવી અને મારા લીધે બીજા અન્ય વિદ્યાર્થીઓને પણ આ કરંટ અફેર્સ ઉપયોગી નિવડ્યું. લગભગ તમામ સ્પર્ધાત્મક પરીક્ષામાં કરંટના રોકડા માર્કસ્ આ કરંટ અફેર્સમાંથી જ આવે છે. પછી તે CLass 1/2 હોય કે Class-3 હોય. મને કરંટ અફેર્સ વાંચવા અને રિવિઝન કરવામાં ખૂબ જ મજા આવે છે.

**Thank you ICE RAJKOT**

ઉપરોક્ત અભિપ્રાયો મુજબ તમે પણ તમારો અભિપ્રાય

**9737701110 (Only Whats App)** નંબર પર આપો........

તમારો ફોટોગ્રાફ અભિપ્રાય સાથે મોકલવા વિનંતી....

**to be continued......**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

Celebration 300 Episode

# GK ની જમાવટ

# 50% BIG DISCOUNT







આ ઓફર માત્ર
10 ઓગસ્ટ, 2023 સુધી જ
( કુરિયર ચાર્જ અલગથી )

આ તમામ પુસ્તક ICEONLINE.IN
પર ઉપલબ્ધ છે.

અમારા ટેલિગ્રામ ચેનલમાં જોડાવા માટે
નીચે આપેલી લિંક પર ક્લીક કરો.

t.me/iceonlinerajkot

CLICK HERE

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT